RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 8 * Issue No. 333* Date: 30.09.2022, Friday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### સુરતમાં મિની હિન્દુસ્તાન વસે છે, સુરત સેતુઓનું શહેર છે

# સુરત ઈલેક્ટ્રીક વ્હીકલ સીટી બનશે : વડાપ્રધાન

**સુરત ચાર પીનું ઉદાહરણ છે. ચાર પી એટલે પીપલ, પબ્લિક, પ્રાઈવેટ, પાર્ટનરશીપ. આ જ મોડલ સુરતને વિશેષ બનાવે છે**




સુરત,તા.૨૯

વડાપ્રધાન મોદી બે દિવસ ગુજરાતની મુલાકાતે છે. ત્યારે તેઓ આજે પહેલા સુરતમાં પહોંચ્યા છે. અહીં આજે પીએમ મોદી સવારે સુરતના કાર્યક્રમમાં હાજર રહીને સુરતવાસીઓને સંબોધી રહ્યા છે. પીએમ મોદીએ સંબોધનમાં જ, સુરતના જમણના વખાણ કરતા કહ્યુ કે, સુરત આવવું આનંદદાયક છે પરંતુ નવરાત્રીના ઉપવાસ ચાલતા હોય ત્યારે સુરત આવવું થોડુ અઘરું છે.તેમણે સંબોધનની શરૂઆત ગુજરાતીમાં કરી, તેમણે જણાવ્યુ કે, આપ સૌ સુરતવાસીઓને નવરાત્રીની અનેક અનેક શુભકામનાઓ. સુરત આવવું હંમેશા આનંદદાયક છે પરંતુ નવરાત્રીના ઉપવાસ ચાલતા હોય ત્યારે સુરત આવવું થોડુ અઘરું થઇ જાય છે. સુરત શહેર લોકોની એકજૂટતા અને જનભાગીદીરી બંનેનું શાનદાર ઉદાહરણ છે. હિન્દુસ્તાનનો કોઇ પ્રદેશ એવો નહીં હોય જ્યાના લોકો સુરતની ધરતી પર રહેતા ન હોય. સુરતની સૌથી મોટી ખાસિયત એ છે કે, આ શહેર શ્રમનું સન્માન કરતું શહેર છે.

પ્રધાનમંત્રી મોદીએ પોતાના સંબોધનમાં જણાવ્યુંકે, આજે સુરતના વિકાસ સાથે જોડાયેલી અનેક પરિયોજનાઓનો શિલાન્યાસ કરવામાં આવ્યો છે. આનાથી સામાન્ય વર્ગ અને વેપારીઓને અનેક સુવિધાઓ અને લાભ મળશે. સુરતમાં ૭૫ અમૃત સરોવર બનાવવાનું કામ ખુબ ઝડપથી ચાલી રહ્યું છે. આના માટે જિલ્લાના દરેકને અભિનંદન આપું છું. સાથીઓ સુરત શહેર લોકોની એકતા અને જનભાગીદારીનું શાનદાર ઉદાહરણ છે. ભારતનો કોઈ પ્રદેશ એવો નહીં હોય જયાંના લોકો સુરતની ધરતી પર ન રહેતા હોય. સુરત એક પ્રકારે મીની હિન્દુસ્તાન છે. સુરત પર મને ગર્વ છે. આ શહેર સૌનું સન્માન કરનાર શહેર છે. અહીં ટેલેન્ટની કદર થાય છે. અહીં આગળ વધવાના સપના સાકાર થાય છે. જે વિકાસની દોડમાં રોકાઈ જાય છે આ શહેર તેને આગળ લઈ જાય છે. પીએમ મોદીએ જણાવ્યુંકે, સુરત શહેર વિકસિત ભારતના નિર્માણ માટે ખુબ મોટી પ્રેરણા છે. પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશિપની જ્યારે દુનિયામાં ચર્ચા થતી હતી. પિપલ્સ, પબ્લિક, પ્રાઈવેટ અને પાર્ટનરશિપ. આ ૪ પી નું ઉદાહરણ સુરત આપે છે. સુરતમાં મહામારી અને આપદાઓ વખતે અહીં અપપ્રચાર કરવામાં આવતો હતો. જો સુરતનું બ્રાડિંગ થઈ જશે તો દરેક સેક્ટરનું બ્રાંડિંગ થઈ જશે. આજે દુનિયાના સૌથી ઝડપથી વિકસતા શહેરોમાં સુરતનું નામ છે. અહીં દરેક વ્યાપાર અને કારોબારને આનો લાભ થાય છે. છેલ્લાં ૨૦ વર્ષમાં સુરતે દેશના બાકી શહેરોની સરખામણી ખુબ ઝડપથી પ્રગતિ કરી છે. દેશના સૌથી સ્વચ્છ શહેરોમાં સુરતનું નામ મોખરે છે.

પ્રધાનમંત્રી મોદીએ પોતાના સંબોધનમાં જણાવ્યુંકે, સેકડો કિ.મી. લાંબા ડ્રેનેજ નેટવર્કે શહેરને નવું જીવનદાન આપ્યું છે. લાખો ગરીબો માટે ઘર બનાવ્યાં છે. ડબલ એન્જિનની સરકારે ઝડપથી કામ કરે છે. સરકારની યોજનામાં ૪ કરોડથી વધુ દર્દીઓની સારવાર થાય છે જેમાં ૩૨ લાખ લોકો ગુજરાતના અને એમાંય સવા લાખ દર્દીઓ સુરતના છે. મોટાદાનવીર બિલ ગેટ્સે લખ્યું છેકે, તેમાં ગુજરાતના ૪૦ હજાર સાથીઓને અને સુરતના અઢી લાખ લોકોને તેમની મદદ મળી છે. સુરત ખરાં અર્થમાં સેતુઓનું શહેર છે. અનેક ખીણને પાર કરીને લોકોને જોડવાનું કામ કરે છે સુરત. ગ્રીનસીટી પ્રોજેક્ટ જ્યારે પુરો થઈ જશે ત્યારે સુરત ડાયમંડ કરોબોરીઓ માટે પહેલાં નંબરનું હબ બની જશે.

પીએમ મોદીએ કહ્યુંકે, હું કાશીનો સાંસદ છું, સુરતનું જમણ અને કાશીનું મરણ હંમેશા લોકો યાદ કરે છે. ભૂપેન્દ્ર પટેલ અને સી.આર.પાટીલ કોર્પોરેશનના સમયથી વિકાસ કાર્યોને વેગ આપતા આવ્યાં છે. ડબલ એન્જિનની સરકારમાં સ્વીકૃતિ અને કામની ઝડપ ખુબ ઝડપી રહે છે. નવી રાષ્ટ્રીય લોજિસ્ટિક પોલીસીથી સુરતને ખુબ લાભ થશે. ઘોઘા-હજીરા રોરો ફેરીથી સુરતને મોટો લાભ થયો છે. રોરો ફેરીથી લોકોનો સમય બચે છે અને પૈસા પણ બચી રહ્યાં છે. ૪૦૦ કિ.મી.નું અંતર સમુદ્રના રસ્તે સાવ ઘટાડી દીધું છે. ૧૨ કલાકનો સફર હવે ૪ કલાકમાં કરી શકાય છે. આગામી દિવસોમાં રોરો ફેરીના નવા રૂટ ખુલશે. સુરતથી કાશી માટે એક નવી ટ્રેન ચલાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. જેમાંથી માલસામાન લઈ જઈ શકાશે. વેપારીઓને લાભ થશે. વિજળીથી ચાલતી ગાડીઓ માટે પણ સુરતની ઓળખ થશે. ક્યારેક સેતુ સીટી, ડાયમંડ સીટી, અને હવે ઈલેક્ટ્રીક વ્હીકલવાળા સીટી માટે સુરત શહેર જાણીતું બનશે.પીએમ મોદીએ સંબોધનમાં જ, સુરતના જમણના વખાણ કરતા કહ્યુ કે, સુરત આવવું આનંદદાયક છે પરંતુ નવરાત્રીના ઉપવાસ ચાલતા હોય ત્યારે સુરત આવવું થોડુ અઘરું છે.તેમણે વધુમાં જણાવ્યુ કે, આ સદીના શરૂઆતી દસકમાં ત્રણ પી - એટલે કે, પબ્લિક, પ્રાઈવેટ પાર્ટનરશીપની ચર્ચા થતી હતી ત્યારે હું કહેતો હતો કે, સુરત ચાર પીનું ઉદાહરણ છે.

## દુનિયાભરના ટોપ ૧૦૦ ઉભરતા સ્ટાર્સની યાદીમાં ભારતમાંથી એકમાત્ર આકાશ અંબાણી



મુંબઇ,તા.૨૯

ચાલુ વર્ષે 'ટાઈમ ૧૦૦ નેક્સ્ટ' એટલે કે દુનિયાભરના ટોપ ૧૦૦ ઉભરતા સ્ટાર્સની યાદીમાં ભારતમાંથી ફક્ત આકાશ અંબાણી (૩૦)નું નામ છે.

રિલાયન્સ ઈન્ડસ્ટ્રિઝના ચેરમેન મુકેશ અંબાણીના દીકરા આકાશને ચાલુ વર્ષે જૂનમાં જ દેશની સૌથી મોટી ટેલિકોમ કંપની જિયોના ચેરમેન બનાવાયા હતા.

જિયોના ૪૨.૬ કરોડથી વધુ સબસ્ક્રાઈબર છે. આકાશને લીડર્સ કેટેગરીમાં પસંદ કરાયા છે. તેમણે જિયોમાં ગૂગલ અને ફેસબુકમાંથી અબજો ડોલરનું રોકાણ લાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. આ યાદીમાં ઓન્લીફેન્સના સીઈઓ આમ્રપાલી પણ સામેલ છે.

અમેરિકામાં રહેતી આમ્રપાલી ભારતવંશી છે. તેમનો જન્મ ૧૯૮૫માં મુંબઈમાં થયો હતો. તે ઉપરાંત યુએસ ઓપન-૨૦૨૨ની વિજેતા કાર્લોસ અલ્કરાજ અને બ્રિટિશ અભિનેત્રી સિમોન એશ્લે પણ ઉભરતા સ્ટાર્સની યાદીમાં સામેલ છે.

ડિલનની વેક્ટર ડિઝાઈન કંપની ફિગ્માને સૌથી મોટી ડિઝાઈન કંપની એડોબે ૧.૬ લાખ કરોડ રૂ.માં ખરીદી. ડિલનને કેશમાં ૧૬ હજાર કરોડ રૂ.નો ફાયદો થયો.

પાક.ની ગીતકાર, સંગીતકાર અને લેખક અલીનાં પંજાબીમાં લખેલાં ગીત પસૂરીને યુટ્યૂબર પર ૪૦ કરોડથી વધુ વખત જોવાયું.

કોબોના અભિયાનથી લોસ એન્જેલસની મોટી ઓઈલ કંપની એલેનકોઝ પ્રદૂષણના આરોપ હેઠળ બંધ થઈ.

૯ વર્ષની વયે અભિયાનની શરૂઆત કરી હતી.

## અંકિતાના પરિવારજનોને સરકારી વળતર આપવાની જાહેરાતથી કુમાર વિશ્વાસ નારાજ

નવીદિલ્હી,તા.૨૯

ઉત્તરાખંડના અંકિતા ભંડારી હત્યા મામલામાં મુખ્યમંત્રી પુષ્કર ધામી દ્વારા ૨૫ લાખ રૂપિયાનું સરકારી વળતર આપવાની જાહેરાત પર દેશના જાણિતા કવિ અને આમ આદમી પાર્ટીના પૂર્વ નેતા કુમાર વિશ્વાસે સવાલ ઉઠાવ્યા છે. કુમાર વિશ્વાસે ટ્વીટ કરી સરકારને પુછયું છે કે કોઇ રાજનીતિક પરિવારના યુવક દ્વારા કરવામાં આવેલા કુકર્મો માટે જનતાના પૈસાથી વળતર કેમ આપવામાં આવી રહ્યું છે..કુમાર વિશ્વાસે જનતાના પૈસાથી વળતર આપવા પર સવાલ ઉઠાવતા લખ્યું છે આવું કેમ,સત્તાના અહંકારમાં ડુબેલ તે નીચ દુર્યોધનના કુકર્મોનું વળતર ટેક્સ પેયરના પૈસાથી કેમ આપવામાં આવે.તે નરાધમના રિસોર્ટ અને સંપત્તિની હરાજી કરી આ પુત્રીના પરિવારજનોને તમામ નાણાં આપવામાં આવે અનાચાર કરે પોલિટિકલ પરિવારના સંરક્ષણમાં પલે બેલગામ યુવકો અને ભરે જનતા એ યાદ રહે કે કુમાર વિશ્વાસ પોતના આ ટ્વીટમાં ઉત્તરાખંડની પુત્રી અંકિતા ભંડારીના પરિવારજનોને વળતર આપવાની વિરૂધ્ધ નથી પરંતુ જનતાના પૈસાથી વળતર ( સરકારી) આપવાથી તેઓ વિરૂધ્ધ છે. કુમાર વિશ્વાસે પોતાના ટ્વીટ દ્વારા કહ્યું છે કે અંકિતાના પરિવારજનોને વળતર આરોપી પુલકિત આર્યની રિસોર્ટ અને અન્ય સંપત્તિઓની હરાજી દ્વારા આપવું જોઈએ એ યાદ રહે કે ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ દિવંગત અંકિતા ભંડારીના પરિવારજનોને ૨૫ લાખ રૂપિયાની આર્થિક સહાયતા આપવાની જાહેરાત કરી છે.અધિકારીઓને તેના નિર્દેશ આપવામાં આવ્યા છે.મુખ્યમંત્રીએ કહ્યું હતું કે રાજય સરકાર અંકિતાના પરિવારની સાથે છે અને તેમની હર સંભવ સહાયતા કરશે તેમણે કહ્યું હતું કે મામલાની એસઆટિી તપાસ કરવામાં આવી રહી છે અને અપરાધીઓને કડકમાં કડક સજા આપવામાં આવશે

## આરએસએસ પર અત્યાર સુધી ત્રણ વખત પ્રતિબંધ લગાવવામાં આવી ચુકયો છે

નવીદિલ્હી,તા.૨૯

પીએફઆઇ પર પ્રતિબંધ બાદ ભારતમાં સંગઠનો પર પ્રતિબંધના ઈતિહાસ પર ચર્ચા થઇ રહી છે.રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આર.એસ.એલ) સંભવત આઝાદ ભારતનું પહેલુ સંગઠન હતું જેના પર સરકારે પ્રતિબંધ લગાવ્યો હતો આ પ્રતિબંધની ખુબ ચર્ચા થાય છે પરંતુ ખુબ ઓછા લોકો જાણે છે કે આરએસએસ પર અત્યાર સુધી ત્રણ વાર પ્રતિબંધ લગાવવામાં આવી ચુકયો છે.



આરએસએસ પર પહેલો પ્રતિબંધ મહાત્મા ગાંધીની હત્યા બાદ ચાર ફેબ્રુઆરી ૧૯૪૮માં લગાવવામાં આવ્યો હતો પ્રતિબંધની યાદી સરદાર વલ્લભભાઈ પટેલના નેતૃત્વવાળા કેન્દ્રીય ગૃહમંત્રાલયે જારી કરી હતી આરએસએસ પર પ્રતિબંધ લગાવતા ગૃહ મંત્રાલયે કહ્યું હતું કે ભારત સરકાર દેશમાં સક્રિય નફરત અને હિંસાની શક્તિઓ જે દેશની આઝાદીને સંકટમાં નાખવા અને તેના નામને કાળું કરવાનું કામ કરી રહ્યાં છે તેને જડમૂળથી ઉખાડી ફેંકવા માટે પ્રતિબધ્ધ છીએ આ નીતિના અનુસરણમાં ભારત સરકારે આરએસએસને ગેરકાનુની જાહેર કરવાનો નિર્ણય કર્યો છે.

પ્રતિબંધને લઈ જારી યાદીમાં આરએસએસ પર આગચંપી,લુંટ હત્યા ગેરકાયદેસર હથિયાર અને દારૂગોળો એકત્રિત કરવાનો આરોપ લાગ્યો હતો આ સાથે જ સરકારે આશંકા વ્યક્ત કરી હતી કે સંઘ સરકારની વિરૂધ્ધ અસંતોષ પેજા કરવા માટે આતંકવાદી પધ્ધતિનો સહારો લઇ રહ્યું છે અને પોલીસ અને સેનાને પોતાની અધીન કરવાનો પ્રયાસ કરી રહ્યું છે.

શ્યામા પ્રસાદ મુખર્જીને મોકલેલ પત્રમાં પટેલે લખ્યું હતું કે આરએસએસની ગતિવિધિઓએ સરકાર અને રાજયના અસ્તિત્વ માટે એક ખતરો પેદા કરી દીધો,પ્રતિબંધના લગભગ ૧૮ મહીના બાદ પટેલે ૧૧ જુલાઇ ૧૯૪૮ના રોજ આરએસએસ પરથી પ્રતિબંધ હટાવવામાં આવ્યો હતો.

જયારે ૧૯૭૫ની કટોકટી દરમિયાન ઈન્દિરા ગાંધીએ બીજીવાર આરએસએસ પર પ્રતિબંધ લગાવ્યો હતો.

આ પ્રતિબંધ બે વર્ષ સુધી રહ્યો હતો અને કટોકટી સમાપ્ત થયા બાદ જયારે જનતા પાર્ટી અને જનસંધે સાથે મળી સરકાર બનાવી ત્યારે સંઘ પરથી પ્રતિબંધ હટાવવામાં આવ્યો હતો.

આરએસએસ પર ત્રીજીવાર પ્રતિબંધ બાબરી મસ્જિદના વિધ્વંસ બાદ લગાવવામાં આવ્યો હતો.૧૯૯૨માં અયોધ્યામાં કારસેવકોએ બાબરી મસ્જિદને તોડી પાડી હતી આ વિધ્વંસમાં સંઘની કહેવાતી ભૂમિકાને જોતા તે સમયના વડાપ્રધાન નરસિમ્હા રાવ અને ગૃહમંત્રી શંકરરાવ બલવંતરાવ ચૌહાણે આરએસએસ પર પ્રતિબંધ લગાવી દીધો હતો ત્યારે સંઘની સાથે સાથે વિશ્વ હિન્દુ પરિષદ,બજરંગ દળ,જમાત એ ઈસ્લામી હિંદ અને સ્ટુડેટ્સ ઈસ્લામિક મુવમેંટ ઓફ ઈન્ડિયા (સિમી) પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો હતો જો કે સરકાર તેને કેન્દ્રીય ન્યાયાધિકરણની સામે યોગ્ય ઠેરવવામાં સફળ રહી ન હતી અને પ્રતિબંધ છ મહીના બાદ હટાવી લેવામાં આવ્યો હતો.

એ યાદ રહે કે દેશમાં અનેક આતંકી મામલામાં સિમી સભ્યોની કહેવાતી સંડોવણીના કારણે વર્ષ ૨૦૦૧માં આતંકવાદ નિરોધક અધિનિયમ(પોટા) હેઠળ સંગઠન પ્રતિબંધ લગાવવામાં આવ્યો હતો ગેરકાનુની ગતિવિધિ રોકથામ અધિનિયમ(યુએપીએ),૧૯૬૩ની કલમ ૩ બેઠળ પણ સિમીને એક ગેરકાનુની ગ્રુપ જાહેર કરવામાં આવ્યું છે.રસપ્રદ વાત છે કે વર્ષ ૨૦૦૧માં જયારે સિમીને પ્રતિબંધીત કરવામાં આવી હતી ત્યારે આરએસએસે તેનો વિરોધ કર્યો હતો.

૨૩ ઓગષ્ટ ૨૦૦૧ના રોજ એક પત્રકાર પરિષદમાં આરએસએસના તે સમયના પ્રવકતા એમ જી વૈદ્યે કહ્યું હતું કે અમે સિમી પર કોઇ પણ પ્રકારના પ્રતિબંધના પક્ષમાં નથી વૈદ્યે આ વાત સિમિના મહામંત્રી સફદર નાગોરીના આરોપો પર પ્રતિક્રિયા આપતા કહી હતી. હકીકતમાં નાગોરીએ કહ્યું હતું કે આરએસએસ અને સંઘ પરિવાર સિમીને બદનામ કરી રહ્યું છે કારણ કે તેઓ તેને હિન્દુત્વના રસ્તામાં એક અવરોધકના રૂપમાં જોવે છે. એમજી વૈદ્યે પત્રકાર પરિષદમાં કહ્યું હતું કે અમને લાગતુ નથી કે સિમીમાં હિન્દુત્વને અવરોધ કરવાનો કોઇ પ્રભાવ છે.આથી સંગઠન પર કોઇ પણ પ્રકારના પ્રતિબંધની જગ્યાએ કાનુનનો ભંગ કરવા પર કડક કાર્યવાહી કરવી જોઇએ

## નવરાત્રિના રંગે રંગાયા મમતા બેનર્જી, દુર્ગા પૂજા દરમિયાન વગાડ્યુ ઢોલ

કોલકત્તા,તા.૨૯

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી કોલકાતામાં સામુદાયિક દુર્ગા પૂજાના ઉદ્ઘાટન સમયે પરંપરાગત ઢોલ એટલે કે ઢાકા(વાદ્ય) વગાડી રહ્યા છે. જેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. સીએમ મમતા બેનર્જી કોલકાતાના ન્યૂ અલીપોરમાં સુરુચિ સંઘ પૂજા પંડાલમાં પહોંચ્યા હતા. સીએમ મમતા બેનર્જી સાથે તેમના કેબિનેટ સાથીદારો ફિરહાદ હકીમ અને અરૂપ બિસ્વાસ પણ હતા. આ દરમિયાન સીએમ મમતા બેનર્જી નવરાત્રિ એટલે કે દુર્ગા પૂજાના રંગમાં રંગાયેલા જોવા મળ્યા હતા. વીડિયોમાં સીએમ મમતા આરતી દરમિયાન દિલથી ઢાકા વગાડતા જોઈ શકાય છે. પશ્ચિમ બંગાળ



સરકારે આ વર્ષે રાજ્યમાં દુર્ગા પૂજા આયોજક સમિતિઓ માટે ગ્રાન્ટ ૫૦,૦૦૦ રૂપિયાથી વધારીને ૬૦,૦૦૦ રૂપિયા કરી છે. સીએમ બેનર્જીએ દુર્ગા પૂજા માટે ૩૦ સપ્ટેમ્બરથી ૧૦ ઓક્ટોબર સુધી રજાની જાહેરાત પણ કરી છે. દુર્ગા પૂજાને વિશ્વભરના સૌથી મોટા તહેવારોમાંના એક તરીકે ગણવામાં આવે છે.

## તંત્રી સ્થાનેથી...

# વધતી મોંઘવારીનો ચિંતાજનક દોર




મોંઘવારી આર્થિક મોરચે હાલમાં સૌથી મોટો વૈશ્વિક પડકાર બની ગઈ છે. ભારતમાં પણ તે ઘણા ઊંચા સ્તર પર છે, પરંતુ કેટલાય દેશો પર તેનો પ્રકોપ ક્યાંય વધુ અસર કરી રહ્યો છે, જેનો તાપ આપણે પણ વેઠવો પડે છે. હાલના દિવસોમાં રૂપિયાની પાતળી થયેલી હાલતને લઈને શેરબજાર પર પડતા માર પાછળ પણ ક્યાંકને ક્યાંક મોંઘવારીનું વૈશ્વિક વલણ જ જવાબદાર છે. અમેરિકામાં વધતી મોંઘવારી પર નિયંત્રણ માટે ગત દિવસોમાં અમેરિકી કેન્દ્રીય બેંક ફેડરલ રિઝર્વે વ્યાજ દરોમાં ૭૫ આધાર અંકોનો વધારો કર્યો. ફેડના આ પગલાએ દુનિયાભરના બજારો અને કેન્દ્રીય બેંકો પર દબાણ વધાર્યું છે. આ જ કારણ છે કે ન માત્ર ભારતીય રૂપિયો, બલ્કે તમામ દેશોની મુદ્રા ડોલર આગળ ગગડતી જાય છે. બ્રિટિશ પાઉન્ડમાં તો હાલમાં એટલો ઘટાડો થયો કે એક સમયે તેમાં વિનિમય કારોબાર સુદ્ધાં અટકાવવો પડ્યો. આ જ હાલત શેરબજારોની છે, કારણ કે અમેરિકામાં વધેલા વ્યાજ દરોના આકર્ષણમાં વિદેશી રોકાણકારો અન્ય બજારોમાંથી પૈસા કાઢીને અમેરિકા તરફ વળ્યા છે. એમ પણ ફેડ ફક્ત આટલેથી જ નહીં અટકે. તેણે સંકેત આપ્યા છેકે વ્યાજ દરોમાં વધારાનો આ સિલસિલો થોડા સમય સુધી આવી જ રીતે ચાલતો રહેશે. ત્યારબાદ એમ જ માનવામાં આવે છે કે થોડા દિવસમાં થનારી ભારતીય રિઝર્વ બેંકની મુદ્રા નીતિ કમિટી એટલે કે એમપીસીની સમીક્ષામાં વ્યાજ દરોમાં વધારા પર મહોર લાગવી નક્કી છે. એટલું જ નહીં, પહેલાં દરોમાં ૨૫ આધાર અંકોના વધારાનું અનુમાન હતું, પરંતુ ફેડના હાલના પગલાને જોતાં જો કેન્દ્રીય બેંક દરોમાં ૫૦ આધાર અંકોનો વધારો કરે છે તો તેના પર કોઈ આશ્ચર્ય નહીં થાય.

વૈશ્વિક મોંઘવારીની સમસ્યા અને તના નિકાલ માટે કોઈ સર્વમાન્ય સમાધાનના રસ્તામાં સૌથી મોટી મુશ્કેલી તેના વલણનું જટિલ સ્વરૂપ છે. આંતરરાષ્ટ્રીય અર્થવ્યવસ્થાના મુખ્ય સ્તંભ આ સમયે મોંઘવારીથી પરેશાન છે અને તેની આ પરેશાનીનો આધાર પણ અલગ-અલગ છે. જેમ અમેરિકામાં આ માંગજનિત દબાણથી ઉપજેલી મોંઘવારી છે. કોવિડ મહામારીનો સામનો કરવામાં અમેરિકી પ્રશાસને જે ભીમકાય રાજકોષીય પ્રોત્સાહન આપ્યાં, તેના પ્રભાવે ત્યાં માંગમાં ભારે ઘટાડો કરી દીધો. એ જ કારણ છે કે ત્યાં તેના સામના માટે વજ દરોમાં વધારાના પારંપરિક ઉપાયનો જ સહારો લેવામાં આવે છે. સમસ્યા એ જ છે કે તેની અસર આખી દુનિયાના આર્થિક પરિદૃશ્ય પર પડી રહી છે.

યુરોપીય સંઘની હાલત પણ મોંઘવારીએ ખસ્તા કરી દીધી છે. આ દેશ મુખ્ય રૂપે ઊર્જા સંસાધનોની કિંમતોમાં આવેલ આસમાની તેજીથી પરેશાન છે, જે રશિયા-યુક્રેન યુદ્ધથી ઉપજેલી સમસ્યા છે. ગેસના પૂરવઠાને લઈને મોટી હદ સુધી રશિયા પર નિર્ભર આ દેશોનું ગણિત આ યુદ્ધથી ખોરવાઈ ગયું છે. એક તો રશિયા સાથે તકરાર તેમને ભારે પડી રહી છે અને બીજું યુક્રેનથી પસાર થનારી પાઈપલાઈનો બાધિત થવાને કારણે ગેસનો પૂરવઠો ખોરવાયો છે. શિયાળાના આગમનની સાથે ત્યાં ઊર્જાની ખપત પણ વધી જશે. ખેર, આ વર્ષની જોગવાઈ તો કોઈક રીતે સંગ્રહ કરેલાં સંસાધનોથી થઈ જશે, પરંતુ આ સમસ્યા આગામી વર્ષે વિકરાળ થઈ જશે જ્યારે સંચિત ભંડાર ઓછો કે ખૂટી પડશે. યુરોપ માટે રાહતના અણસાર એટલા માટે નથી દેખાતા, કારણ કે રશિયા અને યુક્રેનમાં કોઈ સમજૂતીને બદલે ટકરાવ લાંબો ખેંચાવાની આશંકા વધી ગઈ છે. વૈશ્વિક અર્થવ્યવસ્થાના વધુ એક મજબૂત સ્તંભ ચીનમાં હાઉસિંગ સેક્ટર તૂટી પડવા અને કોવિડ નીતિએ તેની અર્થવ્યવસ્થાને નાજુક બનાવી દીધી છે. આ કારણસર ત્યાં કેટલીય વસ્તુઓ અને સેવાઓના ઉત્પાદન-પૂરવઠા પર અસર પડી છે. તેણે વૈશ્વિક પૂરવઠાને પ્રભાવિત કર્યો છે.

# નારીનું સ્વરૂપ



નારી..શક્તિની જનેતા છે.નારી એક માઁ હોવાના કારણે સર્વશ્રેષ્ઠ અને પૂજનીય છે.સંસારનો મોટામાં મોટો મહાપુરૂષ ભલે તે યોદ્ધો હોય કે દાનવીર,રાજા હોય કે દરવેશ, સંત હોય કે ગુરૂ..માતાની સામે નતમસ્તક થાય છે.આ ઉંચી પદવીનો અધિકાર નારીને એટલા માટે માટે મળ્યો છે કારણ કે તેનામાં મમતા, સહનશીલતા અને બલિદાન જેવા મહાન ગુણો સર્જનહારે તેને સંસારમાં વહેંચવા માટે આપ્યા છે.વર્તમાન સમયમાં પણ નારી શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ સદગુરૂ પાસેથી બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરીને સર્વ ગુણ સંપન્ન બની સંસારના માટે જ્યોતિ સ્વરૂપ તથા પરમાર્થમાં એક આદર્શની મૂર્તિ બને છે તેનું પ્રમાણ તમામ નિરંકારી સંત મહાપુરૂષોના ઘરોમાં જોવા મળે છે કે જ્યાં પતિ-પત્ની પ્રેમની પ્રતિમાઓ છે.એવા હજારો ગૃહસ્થી સંત મહાપુરૂષોને છે અને તેમના સ્વર્ગ જેવા ઘરોને જોઈને મન અતિ પ્રસન્ન થાય છે. કેટલીક જગ્યાએ દુ:ખ પણ થયું છે જેના કારણોસર હું આ વિશે કંઈક લખવા મજબૂર બનેલ છું કે જેથી અમે જાણી શકીએ કે 'ગૃહસ્થ' જીવનને આદર્શ બનાવવા માટે અમારે કંઈ કંઈ વાતોનું ધ્યાન રાખવું જોઈએ.

સૌથી પહેલાં દરેક બાળકીઓની ફરજ છે કે તે જ્યારે એક કન્યાના રૂપમાં છે ત્યાં સુધી પોતાના માતા પિતાનું સન્માન કરવું તથા પોતાના ભવિષ્યને ઉજ્જવળ બનાવવા પુરેપુરૂ ધ્યાન આપવું.મજબૂત પાયા ઉપર જ ઉંચી ઈમારત ઊભી થઈ શકે છે.શુદ્ધ આચરણ એ જ નારીનો શ્રૃંગાર છે તેથી બાળપણથી જ આ સંસ્કારનું સિંચન કરવું પડે છે એટલા માટે ઘરમાં માતા-પિતા,નાના-મોટાનો આદર સત્કાર કરવો, તેમની આજ્ઞાનું પાલન કરવું, અભ્યાસમાં રૂચિ રાખવી તથા દરેક પરિસ્થિતિમાં નમ્રતા અને સહનશીલતા રાખવી એ દરેક કન્યાનું પ્રથમ કર્તવ્ય છે.

નારીનું બીજું રૂપ પત્ની હોય છે.જે સૌથી મહત્વપૂર્ણ અને જવાબદારીવાળું રૂપ છે. 'નારી'ના માટે જીવનનો આ ભાગ આદર્શવાદનું પ્રતિક કહેવાય છે.પતિની સેવામાં પૂર્ણ ગુરૂ ભક્તિ તથા સંતોનો સત્કાર કરવો. આ ત્રણેયને એક સાથે નિભાવવાં એ તલવારની ધાર ઉપર ચાલવા બરાબર છે.ઘરમાં સાસુ-સસરાનું સન્માન કરવું,પાડોશિયો તથા સગાં-સબંધીઓની સાથે મેળ-મિલાપ રાખવો,બાળકોનું યોગ્ય રીતે પાલન-પોષણ કરવું તથા પોતાના પતિની પ્રસન્નતાના માટે તમામ પ્રકારનો ત્યાગ કરવાથી તેને ગૌરવ પ્રાપ્ત થાય છે.જો મને પુછવામાં આવે તો હું કહીશ કે એક ગુરૂભક્ત બહેનને પૂર્ણ ગુરૂભક્તનો દરજ્જો ત્યારે જ મળશે કે જ્યારે તે પોતાના કર્તવ્યનું પાલન કરશે.પોતાના સામાજીક વ્યવહાર અને સેવા-સત્કારની સાથે સાથે પોતાનો પતિ પોતાનાથી સંતુષ્ટ હોવો જોઈએ.સદગુરૂ પરમાત્માની કૃપા તે જ સ્ત્રીઓને પ્રાપ્ત થાય છે કે જે યોગ્ય મર્યાદાનું પાલન કરતાં કરતાં પોતાના પતિને પ્રસન્ન કરે છે.નારી પૂર્ણ રીતે પતિવ્રતા તથા આદર્શ માઁ હોવી જોઈએ.

નારીની ત્રીજી અવસ્થા વૃદ્ધાવસ્થા હોય છે.નારીની આ અવસ્થા ફક્ત સન્માન પ્રાપ્ત કરવાની અવસ્થા છે કારણ કે બાળપણ અને યુવાનીની અવસ્થાઓમાં કરેલ ત્યાગનું ફળ તેને વૃદ્ધાવસ્થામાં પ્રાપ્ત થાય છે પરંતુ દુ:ખ સાથે કહેવું પડે છે કે આ વૃદ્ધાવસ્થાની અવસ્થામાં જ સૌથી વધુ ભૂલો થાય છે. દરેક સાસુ ભૂલી જાય છે કે એક વખત તે પણ વહુ હતી એટલા માટે હું દરેક 'નારી' ઓને અનુરોધ કરૂં છું કે વૃદ્ધાવસ્થામાં ગૃહસ્થ જીવનમાં ફક્ત સલાહ આપવાનું જ કામ કરવું, બાકીનો સમય સત્સંગમાં પસાર કરવો જોઈએ. દરેક પ્રકારના મોહ નિંદા તથા બીજાઓની ખરાબીઓ જોવાનું ભૂલીને આદર્શ જીવન બનાવવું જોઈએ.

પતિની સેવા,સાસુ સસરાની સેવા,બાળકોની સેવા,અતિથિ સેવા,દેવસેવા,દેશસેવા અને રોગીઓ પીડિતોની સેવા..આ બધાં સેવાનાં જ અંગ છે.નારીમાં સેવાભાવ સ્વાભાવિક હોય છે. સેવા પરમપિતા પરમાત?માની પ્રસન?નતાના માટે કરવી જોઈએ.સેવામાં તેનો અન?ય કોઈ ઉદેશ્ય ના હોવો જોઈએ.સેવા વશીકરણ મંત્ર છે.સેવાથી તમામને વશ કરી શકાય છે.વાસ?તવમાં જીવન સેવામય જ હોવું જોઈએ.સેવામાં જે ગર્વહીન સહજ આત?મસંતોષ હોય છે તે જ પરમ ધન છે. સેવાના પ્રકાર જોઈએ તો..

તન-મન-સર્વસ્વ અર્પણ કરીને તમામ પ્રકારથી પતિને સુખ પહોચાડવા માટે તથા પ્રસન?ન કરવા માટે તથા તેનું હંમેશાં કલ?યાણ થાય એવી કામનાથી સેવા કરવી જોઈએ.

સાસુ સસરાની સેવા કરવાનો સુઅવસર મળ્યો છે,તેમાં પોતાનું સૌભાગ?ય માનીને સેવા સ?વીકાર કરવી.મધુર આદરયુક્ત વાણીથી તેમની રૂચી તથા પસંદ અનુસાર ભોજન-વસ?ત્ર-આજ્ઞાપાલન તથા તેમની પૂત્રીઓને સન?માનપૂર્વક પોતાની હેસિયતથી વધુ આપવું જોઈએ.વૃદ?ધ સાસુ-સસરાને મહાભારત-ગીતા તથા ભગવાનનું નામ સુમિરણ કિર્તન વગેરે સંભળાવીને સુખ પહોચાડવું જોઈએ.

બાળકોનું સ્વાસ્થ્ય સુધરે,બાળકો તન મન ધનથી વિકસિત થાય, તેમની બુદ?ધિનો વિકાસ થાય, તેમના આચરણોમાં સ?ફુર્તિયુક્ત સાતવિક ગુણોનો પ્રકાશ થાય,તે કૂળ-જાતિ-દેશ તથા ધર્મનું ગૌરવ વધારનાર બને, સુશિક્ષિત તથા સદાચારી બને તથા ત?યાગની પવિત્ર ભાવનાથી યુક્ત ઈશ્વર ભક્ત બને તેવી રીતે તેમનું લાલન પાલન તથા શિક્ષણ સંવર્ધન કરવું જોઈએ.

અતિથિને ભગવાન સમજીને તેમની યથાશક્તિ તથા યથાવિધિ,નિર્દોષ તથા નિષ્કામ ભાવપૂર્વક સેવા કરવી.ઘરમાં ઈષ?ટદેવની શ્રદ?ધા અને વિધિપૂર્વક ભક્તિની સાથે પૂજા કરવી.

શક્ય હોય ત્યાંસુધી સહન કરીને તથા ઉદારતાની સાથે વિનમ્ર વ?યવહારથી સંયુક્ત કુટુંબ રહે તેવું કરવું જોઈએ.પતિના ભાઈઓ તથા પરીવારને અલગ ન થવા દેવા જોઈએ,ખબર નહી ! કોના ભાગ્યથી સુખ તથા ઐશ્વર્ય મળી રહ્યું છે. ક્યારેય એમ ના સમજો કે મારા પતિ કમાય છે અને બીજા બધા મફતમાં બેઠા બેઠા ખાય છે.તમામનો હિસ?સો છે અને દરેક પોતાના ભાગ્યનું જ ખાય છે.તમે તે માટે નિમિત્ત બન્યા છો એ તમારૂં સૌભાગ્ય છે.સ?ત્રીઓ ઉપર એ કલંક છે કે: તેમના આવવાથી પતિના ભાઈઓમાં વિદ્રેષ થઈ જાય છે, ઘરમાં ભાગલા પડી જાય છે.આ કલંકને ધોવા માટે પતિને સમજાવીને સંયુક્ત પરીવારમાં રહો. સેવાભાવ તથા પ્રેમ જેટલો વધારે હશે તેટલો જ ત?યાગ વધશે.

મને વિશ્વાસ છે કે ઉપરોક્ત વાતો 'બહેનો' ધ્યાનમાં રાખશે તો તેમનું ગૃહસ્થ જીવન આનંદમય તથા તેઓ સદગુરૂ પરમાત્માની પૂર્ણ કૃપાના અધિકારી બનશે.

વિનોદભાઈ માછી નિરંકારી
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

**પાકિસ્તાનનો દિગ્ગજ પણ હાર્દિક પંડ્યાનો ફેન બન્યો**

## હાર્દિક પંડયા જેવો ફિનિશર અમારી પાસે નથી.પાકમાં સાતત્યનો અભાવ : આફ્રિદી

મુંબઈ,તા.૨૯

સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યાના ચાહકો આમ તો સમગ્ર દુનિયામાં છે, ત્યારે હવે આ લિસ્ટમાં પાકિસ્તાનનો દિગ્ગજ અને પૂર્વ કેપ્ટન પણ સામેલ થઈ ગયો છે. પાકિસ્તાન માટે ૫૦૦થી વધુ મેચ રમી ચુકેલા શાહિદ આફ્રિદીએ કહ્યું છે કે, તેમની હાલની ટીમમાં હાર્દિક પંડ્યા જેવા ફિનિશરનો અભાવ છે. હાર્દિક છેલ્લા કેટલાક સમયથી સારું પ્રદર્શન કરી રહ્યો છે.

પાકિસ્તાન ક્રિકેટ ટીમે એશિયા કપ ૨૦૨૨મા ફાઈનલ સુધીની સફર કરી છે, પરંતુ ફાઈનલ મેચમાં ટોસ જીતવા છતાં પણ શ્રીલંકા સામેની મેચ હારી ગઈ હતી. પાકિસ્તાનની ટીમ હાલમાં તેની યજમાનીમાં ઈંગ્લેન્ડની સામે સાત મેચોની ટી ૨૦ સીરિઝ રમી રહી છે. ચાર મેચ બાદ સીરિઝ હાલમાં ૨-૨થી બરાબરી પર છે. શાહિદ આફ્રિદીએ સાથે જ એમ પણ કહ્યું કે, પાકિસ્તાનના મિડલ ઓર્ડરમાં બેટ્સમેનોના પ્રદર્શનમાં સાતત્યનો અભાવ છે.

શાહિદ આફ્રિદીએ એક મીડિયા રિપોર્ટમાં જણાવ્યું હતું કે, આ પ્રકારનો ફિનિશર (હાર્દિક પંડ્યા) અમારી પાસે નથી. અમે વિચાર્યું હતું કે, આસિફ અલી અને ખુશદિલ આ કામને કરી શકશે, પણ એવું નહીં થયું. નવાઝ પણ એટલો સક્ષમ નથી અને શાદાબ ખાન પણ એટલો સક્ષમ નથી. આ ચાર ખેલાડીઓમાં ઓછામાં ઓછા બે ખેલાડીઓના પ્રદર્શનમાં સાતત્ય હોવું જોઈએ. શાદાબ જે દિવસે સારી બોલિંગ કરે છે, ત્યારે ટીમ પણ જીતી જાય છે.

હાર્દિક પંડ્યાએ ઓસ્ટ્રેલિયાની સામે હાલમાં ટી ૨૦ સીરિઝમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું. તેણે મોહાલીમાં રમાયેલી સીરિઝની પહેલી ટી ૨૦ મેચમાં ૭૧ રન બનાવ્યા હતા. બીજી_૨૦માં તેની બેટથી માત્ર ૯ રન બન્યા હતા, પરંતુ ત્રીજી ટી ૨૦ મેચમાં તેણે ૨૫ રનની ઈનિંગ રમીને ટીમ ઈન્ડિયાને જીત અપાવી હતી. હૈદરાબાદમાં રમાયેલી આ મેચમાં જીતની સાથે ભારતે ઓસ્ટ્રેલિયાને ટી ૨૦ શ્રેણીમાં પણ ૨-૧થી હરાવી દીધું હતું.

**મુન્દ્રા ડ્રગ કેસમાં મોટો ખુલાસો**

## પશ્ચિમ બંગાળના વેપારી સાથે જોડાણ મળ્યું, વધુ એકની ધરપકડ, ડ્રગ અફઘાનથી મંગાવતો હતો

અમદાવાદ,તા.૨૯

પશ્ચિમ બંગાળના વેપારી સુશાંત સરકાર એનઆઈએ દ્વારા વોન્ટેડ અફઘાન ભાઈઓ હસન દાદ અને હુસૈન દાદ દ્વારા સંચાલિત સૌથી મોટા આંતરરાષ્ટ્રીય ડ્રગ સ્મગલિંગ સિન્ડિકેટના ઓપરેશન સંબંધિત કેસમાં ધરપકડ કરાયેલ ૨૬મો આરોપી છે. તે આ ડ્રગ અફઘાનથી મંગાવતો હતો.

નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ) એ ગયા વર્ષે સપ્ટેમ્બરમાં ગુજરાતના મુંદ્રા બંદરેથી આશરે ૩,૦૦૦ કિલો હેરોઇન જપ્ત કરવાના સંબંધમાં વધુ એક વ્યક્તિની ધરપકડ કરી છે. ફેડરલ એજન્સીના પ્રવક્તાએ જણાવ્યું હતું કે પશ્ચિમ બંગાળના માલદા જિલ્લાના વેપારી સુશાંત સરકારની આતંકવાદી ગતિવિધિઓને સમર્થન આપવા માટે ભારતમાં હેરોઈનના ગેરકાયદે સપ્લાયમાં સંડોવણી બદલ ધરપકડ કરવામાં આવી છે.

એનઆઈએ દ્વારા વોન્ટેડ અફઘાન ભાઈઓ હસન દાદ અને હુસૈન દાદ દ્વારા ચલાવવામાં આવતા સૌથી મોટા આંતરરાષ્ટ્રીય ડ્રગ સ્મગલિંગ સિન્ડિકેટના ઓપરેશન સંબંધિત કેસમાં ધરપકડ કરાયેલ ૨૬મો આરોપી છે. એનઆઈએના જણાવ્યા અનુસાર, દાદાએ દરિયાઈ માર્ગે કન્ટેનર મારફતે હેરોઈનના અનેક કન્સાઈનમેન્ટ ભારતમાં પહોંચાડ્યા છે.હેરોઈનને અફઘાનિસ્તાનમાં શુદ્ધ કરવામાં આવતું હતું અને પછી અર્ધ-પ્રોસેસ્ડ પાઉડર બિટ્યુમિનસ કોલસા જેવી અન્ય વસ્તુઓમાં છુપાવવામાં આવતું હતું. ઢ્ઢૈંછએ જણાવ્યું હતું કે, આ માલસામાનને ટ્રક મારફતે ગુજરાત અને કોલકાતાના ભારતીય બંદરો અને આગળ નવી દિલ્હી મોકલવામાં આવ્યા હતા. ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સે ગયા વર્ષે ૧૩ સપ્ટેમ્બરે ગુજરાતના મુંદ્રા બંદર પર કન્ટેનર ફ્રેઈટ સ્ટેશન પરથી અફઘાનિસ્તાનથી દાણચોરી કરાયેલ ૨,૯૮૮ કિલો હેરોઈન જપ્ત કર્યું હતું અને કેસ નોંધવામાં આવ્યો હતો.એનઆઈએએ ૬ ઓક્ટોબરે ફરી કેસ નોંધ્યો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું. એનઆઈએએ કહ્યું કે સરકારની ધરપકડ મંગળવારે કરવામાં આવી છે. આરોપી ગુનાહિત કાવતરાનો મહત્વનો ભાગ છે. તેણે નવેમ્બરમાં ઈરાન થઈને ભારતમાં સેમી-પ્રોસેસ્ડ પાવડરની હેરોઈન ભરેલી શિપમેન્ટનો ઓર્ડર આપ્યો હતો. આરોપી સરકારે આ દાણચોરી માટે તેની પેઢી જીસસ ક્રાઈસ્ટ ઈમ્પેક્સનો ઉપયોગ કર્યો હતો. તેણે આ કન્સાઈનમેન્ટ નવી દિલ્હીમાં અન્ય આરોપી કબીર તલવારની ફર્મમાં પહોંચાડ્યું હતું. હેરોઈનની દાણચોરી કરનાર સિન્ડિકેટના સભ્યો દ્વારા કન્સાઈનમેન્ટ ઉતારવામાં આવ્યું હતું. આ કેસમાં કબીરને સહ-આરોપી બનાવવામાં આવ્યા છે.

એજન્સીએ ૧૪ માર્ચે અમદાવાદની વિશેષ અદાલતમાં ૧૬ લોકો સામે ચાર્જશીટ દાખલ કરી દીધી છે. તે જ સમયે, ૨૯ ઓગસ્ટના રોજ વધુ ૯ આરોપીઓ સામે પૂરક ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. અગાઉ, ઢ્ઢૈંછએ જણાવ્યું હતુ કે તેની તપાસમાં સ્થાનિક જથ્થાબંધ વેપારીઓ ઉપરાંત, ડ્રગની હેરાફેરી કરનારાઓ, આંતરરાષ્ટ્રીય સુવિધા આપનારાઓ (આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રદાતાઓ) અને નકલી અથવા શેલ કંપનીઓનો ઉપયોગ કરતા વિતરકોનો સમાવેશ થાય છે. સ્થાનિક રિટેલર્સ અને છૂટક વિક્રેતાઓનું એક વિશાળ અને વ્યાપક નેટવર્ક શોધી કાઢવામાં આવ્યું છે, જે મોટા આંતરરાષ્ટ્રીય ડ્રગનું સંચાલન કરે છે. અનેક દેશોમાંથી દાણચોરીનું રેકેટ. જેમાં અફઘાનિસ્તાન, ઈરાન અને છઈ સામેલ છે. અત્યાર સુધી કરવામાં આવેલી તપાસમાં જાણવા મળ્યું છે કે હેરોઈનથી ભરેલા માલના પાંચ કન્સાઈનમેન્ટ નવેમ્બર ૨૦૨૦ થી સપ્ટેમ્બર ૨૦૨૧ વચ્ચે ભારતમાં આયાત કરવામાં આવ્યા હતા.

## નેશનલ ગેમ્સમાં ઑલિમ્પિક-કૉમનવેલ્થ ગેમ્સના અનેક ખેલાડીઓ રમશે નહીં

નવીદિલ્હી,તા.૨૯

ભારતીય ઓલિમ્પિક એસોસિએશન દ્વારા કૉમનવેલ્થ ગેમ્સના મેડલ વિજેતાઓને નેશનલ ગેમ્સમાં રમવું ફરજિયાત કરવામાં આવ્યું હતું પરંતુ અનેક ખેલાડીઓએ ઈજાનો હવાલો આપીને નેશનલ ગેમ્સ રમવાનું ટાળી દીધું છે.ટોક્યો ઓલિમ્પિકના ગોલ્ડ મેડલ નીરજ ચોપડા અને સિલ્વર મેડલ વિજેતા પહલવાન બજરંગ બાદ ટોક્યોમાં જ સિલ્વર મેડલ જીતનારા પહલવાન રવિ કુમાર અને રિયો ઓલિમ્પિકની મેડલિસ્ટ સાક્ષી મલિક નેશનલ ગેમ્સમાં જોવા મળશે નહીં.

એશિયન રમતોની ગોલ્ડ મેડલ વિજેતા વિનેશ, બર્મિંઘમ કૉમનવેલ્થ ગેમ્સમાં ગોલ્ડ જીતનારા પહલવાન દીપક પુનિયા, વેઈટલિફ્ટર જેરેમી લાલરિનનુંગા, સિલ્વર મેડલ વિજેતા સંકેત સર્ગર, ગુરદીપ સિંહ પણ નેશનલ ગેમ્સમાં રમશે નહીં.

લ્હાય

બે- ત્રણ પાંદડે થવાની લ્હાય,
ખુદની ગળાકાપ સ્પર્ધાની લ્હાય.
જીંદગીના ઝાડ પર બેસી કર્મોનો,
કાગડો કરતો રહે છે કાંયકાંય!!!
બંદૂકની ધડાધડ છૂટતી ગોળી,
જેમ તૃષ્ણા કરતી રહે ધાંયધાંય.
રાત દિવસ વધતા ઉકરડાની જેમ,
ઘરવાળી કરતી રહે હાયહાય!!
મારો તારો હિસાબ કરે ચિત્રગુપ્ત,
ગમતું ન ભર્યું ગુંજે ઉડાડ્યું ધાંયધાય!!!
ભરત વૈષ્ણવ
૩૦.૧૦.૨૦૨૧.# કવિતા

## વિજિલન્સ ખાતાના પડતર કેસોનો ઝડપભેર નિકાલ કરવા ચિતાની નિમણૂક કરવા સૂચન !!!

" જોયું? અમારી સરકારનો સપાટો?" રાજુ રદીનું મોં ખુશીથી છલકાઈ રહ્યું હતું.તેના ચહેરા પર આનંદવારીની શિકરો!!

" રાજુ બેરોજગારી પર સર્જિકલ સ્ટ્રાઇક કરી?" મેં પૂછ્યું.

" ના . ગિરધરભાઇ આવા ફાલતુ સવાલ કરવાના ? આવા ફાલતુ મુદા અમારી પ્રાયોરિટીમાં નથી." રાજુએ વિશ્વ વિજેતા સિકંદરની ઈસ્ટાઇલથી કહ્યું

" મોંઘવારી પર મરણતોલ પ્રહાર કર્યો?" મેં આતુરતાપૂર્વક સવાલ પૂછ્યો.

" શું એક વાતની રઢ લઈને બેઠા છો?? તમે રિપિટ તોતા છો??"રાજુએ ગુસ્સે થઈને કહ્યું

" ફૂગાવો તળિયે આવ્યો ?મારાથી રહેવાયું નહીં.

તમે સુધરશો નહીં . તમે અડિયલ ટટ્ટુ જ રહ્યા" રાજુએ મારા પર જડતાબોમ્બ ઝીંક્યો

રાજુ, આ તો રાષ્ટ્રનાપાયાના સવાલ છેપપ"મેં ડરતાં ડરતાં રાજુને કહ્યું.

"જુઓ આપણા દેશે ઈંગ્લેન્ડના અર્થતંત્રને ધોબીપછાડ શિકસ્ત આપી જગતના પાંચમા અર્થતંત્ર તરીકે સ્થાન મેળવ્યું. આપણા ઉધોગપતિ વિશ્વના બીજા નંબરના ધનવાન બન્યા" રાજુએ સિધ્ધની વિગતો આપી.

" હમમ્ " મેં ટુંકાક્ષરી પ્રત્યુતર આપ્યો.

" ગુલામીની માનસિકતાના પ્રતિકના નામ બદલીને કર્તવ્યપથ કર્યા!!"રાજુ ભરેલી ગાગર છલકાય તેમ છલકાઈને હાલકડોલક થતો હતો.

"ઠીક છે. એનાથી બધી સમસ્યા હલ થઇ જશે ???" મેં પૂછ્યું .રાજુએ મારું સાંભળ્યું ન સાંભળ્યું કર્યું.

" તમે સિતેર વરસમાં ચિતાડું લાવી ન શકયા! અમે ભારતમાં નામશેષ થયેલા ચિતાનું ગૌરવ વધાર્યુંઆઠ ચિતા રાષ્ટ્રને ચરણે ધર્યા" રાજુએ ગૌરવ અને ગર્વથી કહ્યું.

"ચિતાએ દેશ આખાને હિલોળે ચડાવ્યો છે. કોઇ કહે છે કે ચિતા પ્રોજેકટમાં સરકારે રસ ન લીધો. વડોદરાના મહારાજા પાસે બસો ચિતા હતા. અહિંસાના પૂજારી મહાત્મા ગાંધીજી હિંસક ચિંતાને જોઈને પ્રભાવિત થયા હતા!! ભાવનગરના મહારાજા ભ્રષ્ટ કર્મચારીઓની શિસ્ત વિષયક તપાસ સમયે ચિતાને હાજર રાખતા હતા.જેથી ભયભીત બાબુ સાચું બોલી જતા હતા." રાજુએ ચિતાનો ઈતિહાસ ઉખેળ્યો.

" રાજુ નામ્બિયાથી ચિતા લાવવા રૂપિયા ૧૫૦ ખર્ચ કર્યો એ વાત સાચી છે?" અમે પૂછ્યુ.

"ગિરધરભાઇ. પેલા બુલબુલની પીઠે બેસાડીને ચિતા લાવ્યા હોત તો દોઢસો કરોડનો ખર્ચ બચી જાત!" રાજુએ ખર્ચ ઘટાડવા આઈડિયા રજૂ કર્યો!!

" રાજુ. દુનિયામાં ગીધ, ઘુવડ,, સમડી, ઘોસ્ટાર્ડ, ચકલી , વંદા ગરોળી, કરોળિયા, વંદા પણ નામશેષ થઇ રહ્યા છે તો તેને પણ ભારત લાવશો??" મેં રાજુને વેધક સવાલ પૂછ્યો.

" ગિરધરભાઇ એક ધાંસુ અને ઝકકાશ આઈડિયા છે. ભારત સરકાર અને રાજ્ય સરકારો લાંચની બંદી રોકવા અને ભ્રષ્ટાચારને નેસ્તનાબૂદ કરવા વિજિલન્સ કમિશન-વિજિલન્સ કમિશનરને નીમે છે. હવે આ ખાતામાં ચિતાને નીમવાની જરૂર છે. ચિતાની નિમણૂક કરવાથી બધા પેન્જીંગ કેસોનો ઝડપભેર અને વિના વિલંબે નિકાલ થઇ જશે!!!" રાજુએ વિજિલન્સને અસરકાર કરવા સૂચન કર્યું." હિપ હિપ હુરે" કહી મેં રાજુને વધાવી લીધો!!

ભ ર ત વૈષ્ણવ...૨૯.૯.૨૦૨૨.

## ગરીબ યુવાનને જૂની ઓટો રિક્ષા લઈ કામ ચાલુ કર્યું પણ પોલીસે એવો મોટો દંડ ફટકાર્યો કે આત્મહત્યા કરી લીધી !

કાનપુર,તા.૨૯

જાહેર રોડ ઉપર કેમેરા લગાવી માત્ર દંડ વસૂલ કરવા પોલીસ જ્યારે ચલણ મોકલે ત્યારે આવા દંડ નહિ ભરી શકનાર ગરીબની હાલત શું થાય તેવો ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.કાનપુરના સરસૌલ પોલીસ સ્ટેશન વિસ્તારના નરવાલ શહેરમાં રહેતા સુનીલ ગુપ્તા નામના વ્યક્તિ રોજગારી માટે જૂની ઓટો રિક્ષા ખરીદી હતી. કાનપુરની સડકો પર રિક્ષા ચલાવીને જે મળે તેમાં પોતાના પરિવારનું ગુજરાન ચલાવતો હતો.

૧૦ જુલાઈના રોજ ટ્રાફિક પોલીસે ઈ-ચલણ મોકલ્યું, જ્યારે સુનીલે તેના મોબાઈલ પર મેસેજ જોયો તો તે ખૂબ જ ચિંતામાં આવીગયો અને સમજી શક્યો નહીં કે તે આટલું ચલણ કેવી રીતે ચૂકવશે. સુનીલ ચલણ ભરવા માટે અહીં-ત્યાંથી પૈસા વસૂલવાનો પ્રયાસ કરી રહ્યો હતો ત્યાં ફરી ૪ સપ્ટેમ્બરે તેના ફોન પર બીજું ઈ-ચલણ આવ્યું. હવે ચલનની કુલ રકમ ૨૨ હજાર ૫૦૦ રૂપિયા હતી.

ટ્રાફિક પોલીસે સુનીલને ૧૨ હજાર ૫૦૦ રૂપિયાનું નવું ચલણ મોકલતા તે ખુબજ ચિંતિત બની ગયો કારણકે તેની તેટલી કોઈ આવક પણ ન હતી. ખુબજ વિચાર્યા બાદ તેને લાગ્યું કે આટલા બધા પૈસા ક્યાંથી લાવશો તે ચિંતામાં ખુબજ ગભરાયેલા સુનિલે આખરે આત્મહત્યા કરી લીધી હતી. મૃતકની પત્ની સંગીતાએ જણાવ્યું કે, આર્થિક તંગીમાંથી બહાર આવવા માટે તેણે થોડા સમય પહેલા સેકન્ડ હેન્ડ ઓટો ખરીદી હતી, જેના ઉપર જ ફક્ત ઘરનો આધાર હતો.

સુનીલ આત્મહત્યા કરવા માંગતો હતો તે વાત લોકોને ખબર પડતાં તેને સમજાવ્યો હતો ત્યારે તે થોડો શાંત થઈ ગયો હતો. પરંતુ ત્યારબાદ રાત્રે પત્ની અને પુત્રીને સૂઈ ગયા બાદ સુનીલે ફાંસો ખાઈને જિંદગીનો અંત લાવી દીધો હતો તેઓ તેમની પાછળ તેમની પત્ની અને ચાર વર્ષની પુત્રી છોડી ગયા છે.આ ઘટનાને લઈ ભારે ચકચાર મચી ગઈ છે.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
## સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ

NOG SS No-123



શબ્દ-નવલી નવરાત,હાસ્ય કાવ્ય
પ્રકાર- પદ્ય(અછાંદસ)
શીર્ષક- નવલી નવરાત(હાસ્ય કાવ્ય)
શબ્દ-૧૦૦
તારીખ-૨૮/૯/૨૦૨૨
રચના-
ગયા કોરોના ના દિ'આવી,નવલી નવરાત.
આવ્યા ગરબે રમવાના દિ'આવી નવલી નવરાત.
હું તો ઘેલી ઘેલી થઈ આવી નવલી નવરાત.
પડોશમાંથી માંગ્યા ચણિયાચોળી,આવી નવલી નવરાત.
કામમાં ના લાગે દિલ,આવી નવલી નવરાત.
કપડા ધોઈ વાસણ ઘસ્યા,આવી નવલી નવરાત.
ઝટપટ રસોઈ બનાવી,આવી નવલી નવરાત.
વેલણને ડાંડિયા સમજી,આવી નવલી નવરાત.
કોઈ ના જુએ તેમ વેલણે રમી,આવી નવલી નવરાત.
ગરબીમાં જવાની હોંશ,આવી નવલી નવરાત.
ઝટપટ બધાં કામ પતાવ્યા,આવી નવલી નવરાત.
સાંજે પતિદેવ ઘરે આવ્યા,આવી નવલી નવરાત.
જમતાં જમતાં મોઢું બગાડ્યું,આવી નવલી નવરાત.
મેં પુછયું શું થયું,આવી નવલી નવરાત.
બોલ્યા રસોઈમાં નથી વેતા,આવી નવલી નવરાત.
ઘરમાં ગરબા થયા ચાલુ,આવી નવલી નવરાત.
'દિવ્ય'મન ભરીને ઝૂમ્યા,આવી નવલી નવરાત.
દિવ્યા દેઢિયા 'દિવ્ય'
વડાલા(મુંબઇ)

# કેરળમાં ભાજપે હિન્દુ મતદારોની સાથે ખ્રિસ્તી ધર્મના લોકોને પણ આકર્ષવાની તૈયારી શરૂ કરી

### ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડા બે ટોચના કેથોલિક પાદરીઓ સાથે ભાજપ અધ્યક્ષની મુલાકાત



### કાસાના અમુક સભ્યો ભાજપના લઘુમતી મોરચામાં પણ સક્રિય છે પણ કાસાએ અત્યાર સુધી સત્તાવાર રીતે ભાજપ સાથે સીધા સંબંધોની જાહેરાત નથી કરી

કોટ્ટયમ,તા.૨૯

કેરળમાં ભાજપ એક અલગ રણનીતિ સાથે પાયો મજબૂત કરવાનો પ્રયાસ કરી રહ્યો છે. હિન્દુ મતદારોની સાથે હવે ખ્રિસ્તી ધર્મના લોકોને પણ આકર્ષવાની તૈયારી શરૂ કરાઈ છે. ભાજપ અહીં ખ્રિસ્તી સંગઠનો વચ્ચે ઈસ્લામિક વિચાર વિરુદ્ધ ઊઠી રહેલા રોષનો લાભ ખાટવા માગે છે. તાજેતરમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડા કોટ્ટયમ જિલ્લામાં જિલ્લા હેડક્વાર્ટરનું ઉદઘાટન કરવા પહોંચ્યા હતા. દરમિયાન કન્નાયા કેથોલિક આર્કબિશપ મેથ્યુ મુલક્કટ અને ચંગનસ્સેરીના મેટ્રોપોલિટન આર્કબિશપ માર જોસેફ પેરુમથોટ્ટમ સાથે મુલાકાત કરી હતી. આ બંને કેરળના ટોચના કેથોલિક પાદરી મનાય છે.

રાજકીય નિષ્ણાતો માને છે કે આ બેઠકથી એક સામાજિક-રાજકીય સંગઠન ઊભું કરાશે. આ સંગઠનની મદદથી ચર્ચ અને ભાજપ વચ્ચેના અંતરને દૂર કરવા પ્રયાસ કરાશે. ભાજપના નેતાઓનું માનવું છે કે કેરળમાં લવ જેહાદ મુદ્દે તેની અને ખ્રિસ્તી ધર્મના લોકોની વિચારસરણી સમાન છે. અમુક પાદરીઓએ રાજ્યમાં મુસ્લિમો પર લવ જેહાદ અને નાર્કોટિક્સ જેહાદનો પણ આરોપ મૂક્યો હતો.

થાલાસ્સેરી આર્કબિશપ જોસેફ પામ્પલાનીએ તમામ ચર્ચોમાં એક પત્ર મોકલ્યો હતો. તેમાં ચેતવણી અપાઈ હતી કે કેટલાક કટ્ટરપંથી જૂથો ખ્રિસ્તી છોકરીઓને ફસાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. ક્રિશ્ચિયન એસોસિયેશન અને એલાયન્સ ફોર સોશિયલ એક્શન(કાસા)એ એપ્રિલમાં આયોજિત હિન્દુ મહાસભામાં લવ જેહાદ વિરુદ્ધ અવાજ ઉઠાવ્યો હતો.

ઝેવિયર ખાન વટ્ટયિલ સહિત કેથોલિક ચર્ચના અમુક મુખ્ય પાદરીઓએ કાસાને સમર્થન પણ આપ્યું હતું. કાસાના અમુક સભ્યો ભાજપના લઘુમતી મોરચામાં પણ સક્રિય છે પણ કાસાએ અત્યાર સુધી સત્તાવાર રીતે ભાજપ સાથે સીધા સંબંધોની જાહેરાત નથી કરી. જોકે મનાય છે કે ભાજપના સમર્થનથી કાસાને રાજકીય સંગઠનમાં બદલવાની સંભાવના છે.

બેઠકમાં પાદરીઓએ નડ્ડાને તાજેતરમાં થયેલી એક અન્ય બેઠક વિશે પણ જણાવ્યું. તેમણે કહ્યું કે કોચ્ચિમાં ખ્રિસ્તી પૃષ્ઠભૂમિવાળા નેતાઓની એક બેઠક થઇ હતી. તેમાં અનેક પૂર્વ ધારાસભ્યો અને મંત્રી જોડાયા હતા. આ બેઠકને ભારતીય ક્રિશ્ચિયન સંઘમ(બીસીએસ) નામ અપાયું. તેની સાથે જોડાયેલા અનેક લોકો ભાજપ સાથે જોડાવાની ઈચ્છા ધરાવે છે.

કેરળમાં ભાજપ મુસ્લિમ મતદારોનો મુકાબલો કરવા ખ્રિસ્તી મતદારોને આકર્ષવા પ્રયાસ કરી રહ્યો છે. રાજ્યમાં ખ્રિસ્તી વસતી ૧૮.૩૮% છે. ખ્રિસ્તી વસતીમાં પણ સૌથી વધુ કેથોલિક છે. કેરળની ડાબેરી સરકાર ખ્રિસ્તી-મુસ્લિમ ગઠબંધનને કારણે જ સત્તામાં બિરાજિત છે. ચાલુ મહિને કોચ્ચિમાં ભાજપ કોર કમિટીની બેઠકમાં પીએમ મોદીએ કેરળના પ્રદેશ નેતૃત્વ સામે જનાધાર ન વધારી શકવાને કારણે નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે જનાધાર વધારવાની વાત કહી. બેઠક બાદ ભાજપે પૂર્વ કેન્દ્રીયમંત્રી પ્રકાશ જાવડેકરને કેરળના ઈન્ચાર્જ બનાવ્યા.

# પંજૂબના મુખ્યમંત્રી માનના કાફલામાં ૪૨ વાહનો કાફલોઃ ભાજપ- કોંગ્રેસે પ્રહારો કર્યા

## વિપક્ષનો ટોણો - શું આ છે 'સામાન્ય મુખ્યમંત્રી'



ચંડીગઢ,તા.૨૯

પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનના કાફલા પર પણ હવે વિપક્ષના પ્રહારો થયા છે. હકીકતમાં, એક આરટીઆઈમાં ખુલાસો થયો છે કે સીએમ માનના કાફલામાં ૪૨ વાહનો છે. જેના પર ભાજપ અને કોંગ્રેસ પર નિશાન સાધ્યું અને કહ્યું, શું આ પરિવર્તન છે? બંને રાજકીય પક્ષોએ સરકાર પર ભંડોળનો દુરુપયોગ કરવાનો આરોપ લગાવ્યો છે. વિપક્ષે સવાલ કર્યો છે કે સામાન્ય મુખ્યમંત્રીને આટલા મોટા કાફલાની શી જરૂર છે, શું તેઓ જાહેરમાં જતા ડરે છે?

પંજાબ વિધાનસભામાં વિપક્ષના નેતા અને કોંગ્રેસના ધારાસભ્ય પ્રતાપ સિંહ બાજવાએ આરટીઆઈ હેઠળ માંગવામાં આવેલી માહિતીને ટાંકીને જણાવ્યું હતું કે આ વર્ષે જૂનથી પંજાબના સીએમ ભગવંત માનના કાફલામાં ચાલતા વાહનોની સંખ્યામાં ભારે વધારો થયો છે.

આરટીઆઈ એક્ટ હેઠળ માહિતી બહાર આવી છે કે રાજ્ય પરિવહન કમિશનર (એસટીસી)ના કાર્યાલય દ્વારા આ વર્ષે પંજાબના મુખ્યમંત્રીના કાફલાને ૪૨ વાહનો પ્રદાન કરવામાં આવ્યા છે. માહિતી પરથી જાણવા મળ્યું છે કે પૂર્વ સીએમ પ્રકાશ સિંહ બાદલના ૩૧ માર્ચ ૨૦૦૭થી ૩૦ માર્ચ ૨૦૧૨ સુધીના પ્રથમ કાર્યકાળ દરમિયાન એસટીસી દ્વારા મુખ્યમંત્રીને આપવામાં આવેલી કારની સંખ્યા ૩૩ હતી. તે જ સમયે, ૩૧ માર્ચ ૨૦૧૨ થી ૩૦ માર્ચ ૨૦૧૭ સુધીના તેમના બીજા કાર્યકાળમાં, સીએમ પ્રકાશ સિંહ બાદલ પાસે તેમના કાફલામાં સમાન સંખ્યામાં કાર હતી. એ જ રીતે પૂર્વ સીએમ કેપ્ટન અમરિંદર સિંહના કાર્યકાળના અંત સુધી તેમના કાફલામાં ૩૩ વાહનો હતા. તે જ સમયે, ૨૦ સપ્ટેમ્બર ૨૦૨૧ થી માર્ચ ૨૦૨૨ સુધી, સીએમ ચરણજીત સિંહ ચન્નીના કાફલામાં ૩૯ કાર હતી. આરટીઆઈ અનુસાર, આ વર્ષે ૧૬ માર્ચથી ૧ જૂન સુધી મુખ્યમંત્રીના કાફલામાં ૩૯ કાર હતી, ત્યારબાદ કાફલામાં વધુ ત્રણ વાહનો ઉમેરવામાં આવ્યા હતા. બાજવાએ જણાવ્યું હતું કે મુખ્યમંત્રીના કાફલાને એસટીસી દ્વારા આપવામાં આવેલા ૪૨ વાહનો સિવાય, પંજાબ સિક્યુરિટી વિંગ (પીએસડબ્લ્યુ) એ મુખ્યમંત્રીને વાહનો પણ આપ્યા છે, જે તેને એક અસાધારણ કાફલો બનાવે છે. જો કે, જીઉ એ સુરક્ષા કારણોને ટાંકીને કાફલામાં ઉમેરાયેલા વાહનોની વિગતો આપવાનો ઈનકાર કર્યો હતો.બાજવાએ કહ્યું કે સીએમ બનતા પહેલા ભગવંત માન જે સરકારના ખર્ચને બચાવવા માટે પ્રચાર કરતા હતા. પરંતુ સીએમ બન્યા બાદ તેઓ એ જ પગલે ચાલી રહ્યા છે. સંગરુરથી સાંસદ રહીને માન આવા મુદ્દાઓ પર શાસક પક્ષની ટીકા કરતા હતા. શું માનને પંજાબના નાગરિકોને સમજાવવામાં કોઈ મુશ્કેલી પડશે કે વાહનોનો આ વિશાળ કાફલો આ હેતુ કેવી રીતે પૂર્ણ કરે છે? તે કરદાતાઓના પૈસા આટલી બેદરકારીથી કેમ ખર્ચે છે? તેમણે વધુમાં કહ્યું કે આવી ઘટનાઓ દર્શાવે છે કે AAP સરકારે પરિવર્તનના નામે પંજાબની જનતા સાથે દગો કર્યો છે.બાજવાનો આરટીઆઈ જવાબ અપલોડ કરતા ભાજપના નેતા મનજિંદર સિંહ સિરસાએ ટ્વિટ કર્યું કે આરટીઆઈ દ્વારા આ ખુલાસો ચોંકાવનારો છે.

# ભારતમાં ગર્ભપાત કાયદા હેઠળ, પરિણીત અને અપરિણીત મહિલાઓ વચ્ચે કોઈ ભેદ નથી

## અપરિણીત મહિલાઓને પણ છે ગર્ભપાતનો અધિકાર, સુપ્રીમ કોર્ટ



નવીદિલ્હી,તા.૨૯

સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે ભારતમાં અપરિણીત મહિલાઓને પણ MTP એક્ટ હેઠળ ગર્ભપાત કરવાનો અધિકાર છે. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે ભારતમાં તમામ મહિલાઓને પસંદગી કરવાનો અધિકાર છે. કોર્ટે કહ્યું છે કે ભારતમાં અપરિણીત મહિલાઓને પણ એમટીપી એક્ટ હેઠળ ગર્ભપાત કરવાનો અધિકાર છે. સુપ્રીમ કોર્ટના આ નિર્ણયનો અર્થ એ છે કે હવે અપરિણીત મહિલાઓને પણ ૨૪ અઠવાડિયા સુધીનો ગર્ભપાત કરવાનો અધિકાર મળી ગયો છે. સુપ્રીમે મેડિકલ ટર્મિનેશન ઑફ પ્રેગ્નન્સી રૂલ્સના નિયમ ૩-બીને લંબાવ્યો છે. તમને જણાવી દઈએ કે સામાન્ય કેસમાં ૨૦ અઠવાડિયાથી વધુ અને ૨૪ અઠવાડિયાથી ઓછા સમયના ગર્ભપાતનો અધિકાર અત્યાર સુધી માત્ર પરિણીત મહિલાઓને જ હતો.

ભારતમાં ગર્ભપાત કાયદા હેઠળ, પરિણીત અને અપરિણીત મહિલાઓ વચ્ચે કોઈ ભેદ નથી. ગર્ભપાતના હેતુ માટે બળાત્કારમાં વૈવાહિક બળાત્કારનો પણ સમાવેશ થાય છે. સુપ્રીમે ચુકાદો આપ્યો છે કે વિવાહિત અને અપરિણીત મહિલાઓ વચ્ચેના ગર્ભપાતના અધિકારને ખતમ કરતાં મેડિકલ ટર્મિનેશન ઑફ પ્રેગ્નન્સી અધિનિયમ અપરિણીત મહિલાઓને લિવ-ઈન સંબંધોમાંથી બાકાત રાખવાનું ગેરબંધારણીય બનાવે છે. સુપ્રીમ કોર્ટે તેના ચુકાદામાં કહ્યું હતું કે કલમ ૨૧ હેઠળ પ્રજનન, ગૌરવ અને ગોપનીયતાની સ્વતંત્રતાનો અધિકાર અપરિણીત મહિલાને આપે છે કે તે પરિણીત મહિલાના સમાન બાળકને જન્મ આપે કે નહીં.

કોર્ટે કહ્યું હતું કે ૨૦-૨૪ અઠવાડિયાની વચ્ચે ગર્ભપાત કરતી અવિવાહિત અથવા અપરિણીત ગર્ભવતી મહિલાઓને ગર્ભપાત પર પ્રતિબંધ મૂકવો જ્યારે આવી સ્થિતિમાં પરિણીત મહિલાઓને મંજૂરી આપવી એ બંધારણની કલમ ૧૪ની ભાવનાનું ઉલ્લંઘન હશે.

આ મામલો ત્યારે પ્રકાશમાં આવ્યો જ્યારે ૨૫ વર્ષની એક અપરિણીત મહિલાએ ૨૩ અઠવાડિયા અને ૫ દિવસની તેની ગર્ભાવસ્થાને સમાપ્ત કરવા માટે દિલ્હી હાઈકોર્ટનો સંપર્ક કર્યો અને દાવો કર્યો કે તેની ગર્ભાવસ્થા સહમતિથી બનેલા સંબંધોનું પરિણામ છે, પરંતુ તે જન્મ આપી શકે તેમ ન હતી કારણ કે તે એક અપરિણીત મહિલા હતી અને તેના જીવનસાથીએ તેની સાથે લગ્ન કરવાનો ઈનકાર કર્યો હતો.

જોકે, ચીફ જસ્ટિસ સતીશ ચંદ્ર શર્મા અને જસ્ટિસ સુબ્રમણ્યમ પ્રસાદની બનેલી દિલ્હી હાઈકોર્ટની ડિવિઝન બેન્ચે તેમને વચગાળાની રાહત આપવાનો ઈંકાર કર્યો હતો. હાઈકોર્ટે અવલોકન કર્યું હતું કે અવિવાહિત મહિલાઓ કે જેમની ગર્ભાવસ્થા સહમતિથી સંબંધમાં થઈ હતી તે ૨૦૦૩ના મેડિકલ ટર્મિનેશન ઑફ પ્રેગ્નન્સી રૂલ્સની કોઈપણ કલમ હેઠળ આવરી લેવામાં આવતી નથી. ત્યારબાદ તેણીએ સુપ્રીમ કોર્ટમાં અરજી કરી, જેણે ૨૧ જુલાઈ, ૨૦૨૨ ના રોજ એડ-વચગાળાનો આદેશ જારી કર્યો, તેણીને તેણીની ગર્ભાવસ્થાને સમાપ્ત કરવાની મંજૂરી આપી, એઈમ્સ દિલ્હી દ્વારા બોલાવવામાં આવેલા મેડિકલ બોર્ડને આધીન, જેણે તારણ કાઢ્યું કે મહિલાના જીવનને જોખમમાં મૂક્યા વિના ગર્ભપાત કરી શકાય છે.

# ૧ ઓક્ટોબર, " સ્વૈચ્છિક રક્તદાન દિવસ "

## દેશમાં દર વર્ષે જરૂરિયાત કરતા ૨૦% ઓછું લોહી મળે છે

રક્ત આપો, જીવન બચાવો.

રક્તદાન, મહાદાન




દર વર્ષે ૧ ઓક્ટોબરનાં રોજ "સ્વૈચ્છિક રક્તદાન દિવસ"ની ઉજવણી કરવામાં આવે છે. આ દિવસ " મનાવવાનો મુખ્ય ઉદ્દેશ્ય લોકોને રક્તદાન અંગે જાગૃત કરવાનો છે.લોકો સ્વેચ્છાએ બ્લડ ડોનેટ કરશે તો બ્લડ બેક્રમાં પર્યાપ્ત માત્રામાં બ્લડ ઉપલબ્ધ રહેશે, જેનાથી જરૂર પડવા પર દર્દીને સરળતાથી બ્લડ મળી શકે. રક્તદાન કરવાથી કેટલાય લોકોને નવું જીવન આપી શકાય છે. દેશ-દુનિયામાં કેટલાય લોકો દરરોજ લોહીની ઊણપથી મૃત્યુ પામે છે. આ દિવસની ઉજવણીથી લોકોને સમજાવી શકાય છે કે રક્તદાન કેટલું જરૂરી છે.આજે દુનિયા ટેકનોલોજીની બાબતમાં ખૂબ જ આગળ નીકળી ગઈ છે. મેડિસીનની બાબતમાં પણ ઘણા બધા સંશોધનો થયા અને નવી નવી ટેકનોલોજીનો વિકાસ થયો છે. અધતન સાધનોની મદદથી ઝડપી અને ખૂબ જ સારી રીતે સારવાર કરી શકાય છે. આ બધુ હોવા છતાં પણ હજુ સુધી કૃત્રિમ રીતે લોહી બની શક્યું નથી. એના માટે ઘણા બધા પ્રયત્નો થયા છે પણ હજું સુધી તેમાં સફળતા મળી નથી. તેના માટેનાં તમામ પ્રયત્નો વ્યર્થ સાબિત થયા છે. લોહી એ ફક્ત અને ફક્ત કોઈ રક્તદાતા પાસેથી જ મેળવી શકાય છે અને આ કારણથી જ લોહીની ખૂબ જ અછત ઊભી થાય છે.સામાન્ય રીતે લોકો બીજાની મદદ કરવાનાં હેતુથી રક્તદાન કરતા હોય છે અને તેમનું એક વખતમાં કરેલું રક્તદાન એ ૩ અન્ય લોકોનો જીવ બચાવી શકે છે. એક સર્વે અનુસાર મોટા ભાગનાં લોકો જેમણે રક્તદાન નથી કર્યું હોતું તેમનો રક્તદાન અંગે અભિપ્રાય એવો હોય છે એમને ક્યારેય રક્તદાન વિશે વિચાર્યું જ નથી હોતું. આનો મતલબ એ કે સમાજમાં હજુ પણ રક્તદાન અંગે જાગૃતિનો અભાવ છે. જો સમાજમાં રક્તદાન પ્રત્યે જાગૃતિ ફેલાવવામાં આવે અને લોકોને રક્તદાન અને તેની જરૂરિયાત તથા તેનાથી થતા ફાયદા વિશે સમજાવવામાં આવે તો એનાથી સમાજને ખૂબ જ મોટો ફાયદો થઈ શકે છે. આ બાબતે યુવાનોનું ધ્યાન કેંદ્રિત કરવાની તાતી જરૂરિયાત છે. કારણ કે યુવાનો રક્તદાન માટે સક્ષમ હોય છે પણ જાગૃતતાનાં અભાવે યુવાનોને રક્તદાન માટે પ્રેરી શકાતા નથી. હાલમાં જુદી-જુદી બ્લડ બૅક્ર દ્વારા કૉલેજો અને મોટી શૈક્ષણિક સંસ્થાઓમાં રક્તદાન શિબિર યોજી યુવાનોને રક્તદાન માટે પ્રેરિત કરવામાં આવે છે. જે ખૂબ જ આવકારદાયક પગલું છે. જે લોકો રક્તદાન કરવા માંગતા હોય તેમના લોહીનો સૌ પ્રથમ ટેસ્ટ કરવામાં આવે છે કારણ કે એ લોહી સુરક્ષિત છે કે નહિ તે ખૂબ જ અગત્યની બાબત છે. રક્તદાન માટે મોટેભાગે શિબિરો યોજવામાં આવે છે અથવા બ્લડ બૅક્રમાં જઈને રક્તદાન કરાતું હોય છે. સમાજમાં કોઈ વિશિષ્ટ દિવસ, જન્મ દિવસ અથવા પ્રસંગની ઉજવણી પણ રક્તદાન શિબિર દ્વારા કરવાનું ચલણ વધ્યુ છે. જે ખૂબ જ આવકાર્ય છે. આમ છતાં પણ સૌના સહિયારા પ્રયાસો હજુ ઓછા પડે છે. જેમાં વધારો થાય અને જરૂરી સમયે રક્ત ન મળવાથી કોઈનું પણ મૃત્યુ ન થાય તેવી પરિસ્થિતિ સર્જાય તે જ આદર્શ સ્થિતિ કહીં શકાય.

રક્ત આપો, જીવન બચાવો.

રક્તદાન, મહાદાન

- મિત્તલ ખેતાણી(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

# ખેડૂતોને ફરી આંદોલન કરવાની ફરજ પડી છે.જે ૨૬ નવેમ્બરથી ફરી શરૂ કરાશેઃરાકેશ ટિકૈત

**સરકાર દ્વારા પ્રથમ આંદોલન ખતમ કરવા ઘણા વચનો આપ્યા હતા પણ તે વચનો આજદિન સુધી પૂરા થયા નથી.**

મુઝફરપુર,તા.૨૯

કૃષિ કાયદા વિદ્ધ દેશમાં મોટા આંદોલનની આગેવાની કરનાર રાકેશ ટિકૈતે ફરી એકવાર ધરણા પ્રદર્શનની જાહેરાત કરી છે. મુઝફરપુરમાં રાકેશ ટિકૈતે જણાવ્યું હતું કે ૨૬ નવેમ્બર ૨૦૨૦ના રોજ દિલ્હીની સરહદ પર આંદોલન શરૂ થયું હતું . આ બાદ સરકાર દ્વારા આંદોલન ખતમ કરવા ઘણા વચનો આપ્યા હતા પણ સરકાર દ્વારા જે વચનો આપવામાં આવ્યા હતા તે આજદિન સુધી પૂરા થયા નથી. આવી સ્થિતિમાં ખેડૂતોને ફરી આંદોલન કરવાની ફરજ પડી છે. જે ૨૬ નવેમ્બરે ફરી એકવાર શરૂ કરવામાં આવશે.

રાકેશ ટિકૈતે કહ્યું કે યુનાઈટેડ કિસાન મોરચા, ખેડૂતો સાથે મળીને હવે દેશના તમામ રાયોની રાજધાની પર ધરણા કરશે અને રાયપાલના નામે તેમની માંગણીઓ અંગે ત્યાંના જિલ્લા પ્રશાસનને એક મેમોરેન્ડમ આપશે. ૨૬ નવેમ્બરે દિલ્હી બોર્ડર પર ખેડૂતોનું આંદોલન શ થયું હતું. રાકેશ ટિકૈતે કહ્યું કે યારે ખેડૂતોને આંદોલન સમા કરવાનું કહેવામાં આવ્યું ત્યારે સરકારે ઘણા વચનો આપ્યા હતા પરંતુ આ વચનો પૂરા થયા નથી.

ઉપરાંત તેઓએ જણાવ્યું હતું કે, સરકારે એમએસપીની માંગ પૂરી કરી નથી, શેરડીના ભાવમાં કઈ ફેરફાર થયા છે અને ન તો સ્થાનિક પ્રશ્નોનું નિરાકરણ આવ્યું છે. આ અંગે રાજયપાલને મેમોરેન્ડમ આપવામાં આવશે. સરકાર પોલીસની મદદથી આંદોલનને દબાવી રહ્યો છે, તેની સામે કેસ નોંધવામાં આવ્યા છે. તાજેતરમાં એવા અહેવાલો આવ્યા હતા કે લસણ અને ડુંગળીનું ઉત્પાદન કરતા ખેડૂતોને તેમના ઉત્પાદનના ખૂબ ઓછા ભાવ મળ્યા છે. એમપીમાં ખેડૂતોને લસણ ફેંકવાની ફરજ પડી હતી. રાકેશ ટિકૈતે આ મુદ્દાઓને લઈને પ્રદર્શન કરવાની જાહેરાત કરી છે. આ કામગીરીમાં ભવિષ્યની પરેખા પણ નક્કી કરવામાં આવશે. રાકેશ ટિકૈતે પણ પીએફઆઈ પર લાગેલા ૫ વર્ષના પ્રતિબધં પર પ્રતિક્રિયા આપી છે. તેણે કહ્યું કે આ પીએફઆઈ છે શું છે? શું દરેક વ્યકિત જાણે છે કે આ શું છે? સરકારે માહિતી આપવી જોઈએ કે આ કેવા પ્રકારનું સંગઠન છે, તેના નેતાઓ કોણ છે? કોઈએ તેમની સાથે જોડાવું જોઈએ નહીં ઉપરાંત તેના પોસ્ટર પણ જનતાને બતાવવા મૂકવા જોઈએ.

# રાજકોટ થી શરૂ થયેલી ચલો કોંગ્રેસ કે સાથ માં કે દ્વાર યાત્રા માણાવદર આવી પહોંચી ઠેર ઠેર ભવ્ય સ્વાગત કરાયું



રાજકોટ,

રાજકોટ ખાતેથી પ્રસ્થાન થયેલી ચલો કોંગ્રેસ કે સાથ મા કે દ્વાર યાત્રા ખોડલધામ થઈ ગાઠીલા આવી પહોંચી હતી જ્યાં ઉમાધામ ખાતે માં ઉમિયા ના દર્શન કરી આ યાત્રા માણાવદર આવી પહોંચી હતી ધારાસભ્ય લલિત કગથરા, ઋત્વિક મકવાણા, લલિત વસોયા સહિતના ધારાસભ્યો અને પ્રદેશ કોંગ્રેસના અગ્રણીઓ દ્વારા ડો.બાબા સાહેબ આંબેડકર ની પ્રતિમાને ફુલહાર કરાયા હતા માણાવદર તાલુકા કોંગ્રેસના હોદ્દેદારો દ્વારા આ યાત્રાના સુકાનીઓ તમામ ધારાસભ્યશ્રીઓ અને પ્રદેશના હોદ્દેદારોનું ફૂલહાર દ્વારા સન્માન કરાયું હતું આ યાત્રાનું ચોતરફ ભવ્ય સ્વાગત કરવામાં આવી રહ્યું છે ત્યારે માણાવદર શહેરમાં પણ યાત્રાનું ભવ્ય ઠેરઠેર સ્વાગત કરવામાં આવ્યું હતુ.

તસવીર અહેવાલ
જીગ્નેશ પટેલ માણાવદર

# સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીમાં ૨૦૦૦ થી વધુ ખેલૈયાઓ ગરબાના તાલે ઝુમ્યા



અમદાવાદ ૨૯ સપ્ટેમ્બર ૨૦૨૨: પરંપરા અને રીત - રિવાજની ઉજવણીમાં ભારતીય હંમેશા આગળ હોય છે અને જ્યારે નવરાત્રીની વાત કરીએ તો ગુજરાત હંમેશા અગ્રેસર રહ્યું છે. સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી ખાતે બહુમુખી ગાયિકા ડો. મિતાલી નગ અને અક્ષય તમયચે સાથે મુખ્ય અતિથિ સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીના વાઇસ પ્રેસિડેન્ટ શ્રી આદિ જૈન અને સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીના ડિરેક્ટર શ્રી લવ જૈનની ઉપસ્તિથીમાં ૨૦૦૦ થી વધુ ખેલૈયાઓ ગરબાના તાલે ઝૂમ્યા હતા. લોકો જુદા જુદા પરંપરાગત દેખાવમાં, વિવિધ બીટ અને સ્ટેપ્સ પર ગરબા કરતા જોવા મળ્યા હતા, જ્યારે કેટલાક પરંપરાગત અને બિનપરંપરાગત સમન્વય વાળા પોશાક ધારણ કર્યા હતા. સ્વર્ણિમ તેના વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ માટે ઈમર્સીવ લર્નિંગનો અનુભવ આપે છે અને એક સરખા જોશ સાથે તહેવારોની ઉજવણી કરવી એ તેના ભાગ રૂપે છે. આ કાર્યક્રમનું સંચાલન વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

# પ્રથમ નોરતે રાજ્ય કક્ષાએ ડાંગ જિલ્લાની પ્રાચીન ગરબાની કૃતિ રજૂ થઈ



આહવાઃ તાઃ ૨૯ : રમતગમત અને સાંસ્કૃતિક વિભાગ આયોજીત, ડાંગ જિલ્લા રમતગમત કચેરી સંચાલિત 'રાસ ગરબા મહોત્સવ' મા ડાંગ જિલ્લા પ્રથમ વિજેતા ગર્લ્સ લીટર્સી રેસી. સ્કૂલ, સાપુતારા, તારીખ ૨૭ સપ્ટેમ્બર થી ૪ ઓક્ટોબર દરમિયાન રાજ્યકક્ષાના રાસ ગરબા સ્પર્ધામા અમદાવાદ જી.એમ.ડી.સી.ગ્રાઉન્ડ ખાતે યોજાયેલ સ્પર્ધામા ડાંગ જિલ્લાએ ભાગ લઈ પ્રથમ નોરતે પ્રથમ કૃતિ પ્રાચીન ગરબા રજુ કર્યો હતો.


આ પ્રાચીન ગરબામા શાળાની ૧૪ બહેનો અને ૩ સહાયક મળીને કુલ ૧૭ની બહેનોની ટીમે શાળાના શિક્ષિકા હર્ષના બિરારી તેમજ શાળાના આચાર્યના માર્ગદર્શન હેઠળ ભાગ લીધો હતો.

રાજ્ય કક્ષાના કાર્યક્રમમા ભાગ લેનાર કન્યા અને શિક્ષિકાને ડાંગ જિલ્લા શિક્ષણાધિકારી શ્રી એમ.સી.ભૂસારાએ અભિનંદન પાઠવ્યા હતા.

નરેન્દ્ર પવાર, ડાંગ

# રાજુલા નાં ભેરાઇ ગામ ની જમીન એલ.સી. એલ . એજન્સી (ઈન્ડિયા) પ્રાઈવેટ લિમિટેડ ને ફાળવેલ જમીનમાં શરતભંગ કાર્યવાહી

### યુવા કોળી સમાજ ના પ્રદેશ પ્રમુખ રસિક ચાવડા એ કરી હતી રજુવાત



તા. ૨૯ રાજુલા

રાજુલા તાલુકાના મોજે.ભેરાઇ ગામ ની રે.સ.નં. ૬૦૩ / પૈકી ૧૯ પૈકી જમીનમાં દબાણ કરવા બાબતે યુવા કોળી સમાજ નાં પ્રદેશ પ્રમુખ રસિક ચાવડા કે મહેસૂલ વિભાગ ગાંધીનગર અને કલેકટર શ્રી અમરેલી ને રજૂઆત કરી હતી. આ રજૂઆત અન્વયે નાયબ કલેકટર અને સબ ડિવિજન મેજી. કચેરી, પ્રાંત કચેરી રાજુલા દ્વારા તા.૨૮/૦૧ / ૨૨ ના રોજ મામલતદાર શ્રી રાજુલા ને જરૂરી તપાસ કરી આગળની કાર્યવાહી કરવા જણાવેલ તારીખ ૩૧/૩/૨૨ ના રોજ કલેક્ટર અને જિલ્લા મેજસ્ટ્રેટે કચેરી, જમીન શાખા અમરેલી દ્વારા મામલતદાર રાજુલા ને રજૂઆત પરત્વે યોગ્ય તપાસ કરી આ અંગે નો મામલતદાર શ્રી નો હક્કીકત લક્ષી અહેવાલ સ્પષ્ટ અભિપ્રાય સહ નાયબ કલેકટર શ્રી રાજુલા મારફત મોકલવા જણાવેલ . રેવન્યુ તલાટી એ અહેવાલમાં જણાવ્યું છે કે ઉપરોક્ત સર્વે નંબર વાળી જમીન કલેકટર શ્રી એ એલ.સી.એલ. ( ઈન્ડિયા ) પ્રાઈવેટ લિમિટેડ મુંબઈને સને ૨૦૦૯ માં કન્ટેનર યાર્ડ નાં ગોડાઉન બનાવવા માટે જમીન ફાળવવામાં આવેલ છે. જે હુકમની વિગતે શરત નંબર ૯ મુજબ હુકમની તારીખ થી છ માસમાં બાંધકામ શરૂ કરી બે વર્ષમાં પૂર્ણ કરવા અધોગિક હેતુ માટે ઉપયોગ કરવાનો રહેશે તેવી શરત છે, પરંતુ કંપની દ્વારા જમીન ફાળવણીના ૧૩ વર્ષ ઉપરાંત નો સમય પસાર થયેલો હોવા છતાં આજદિન સુધી જમીનનો કોઈ ઉપયોગ કરવામાં આવેલ નથી અને જમીન હાલમાં સ્થળે ખુલ્લી પડતર બાંધકામ કે ખોદકામ વગરની જોવા મળે છે. તેમજ જમીન પર ગાંડા બાવળ અને ઘાસ ઉગેલા જોવા મળે છે તે મતલબનું સ્થળ સ્થિતિ અંગેનું પંચ રોજકામ કરવામાં આવેલ હતું.આમ તમામ વિગતો તપાસતા કલેક્ટર અમરેલી નાં હુકમ ની શરત ૯ નો ભંગ થયાનું સાબિત થાય છે. જેથી કંપનીને ફાળવેલ જમીનમાં શરતભંગ ની કાર્યવહી કરવા માટે મામલતદાર શ્રી રાજુલાએ અભિપ્રાય આપ્યો છે. આગામી દિવસોમાં કલેક્ટર શ્રી દ્વારા સરકારશ્રી દાખલ કરવામાં આવે છે કે નહીં એ તો આવનારો સમય જ બતાવશે.અત્રે ઉલ્લેખનીય છે કે રાજુલા જાફરાબાદમાં અનેક ઔદ્યોગિક એકમો સરકારશ્રીએ ફાળવેલ સરકારી જમીનો આવેલ છે એમાં ઘણાં ઉધોગોએ સરકારી જમીનોમાં શરતભંગ તથા ગૌચર ની જમીનો પર કબજો કરેલ છે તેમ છતાં તેની સામે કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી પરંતુ રસિક ચાવડ (પ્રદેશ પ્રમુખ યુવા કોળી સમાજ) એ ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરતા પરિણામ લક્ષી કામગીરી થઈ છે. તો સરકારશ્રી દ્વારા રાજુલા જાફરાબાદ માં કંપનીઓ ને ફાળવવામાં આવેલ તમામ સરકારી જમીનોનું યોગ્ય સ્થળ તપાસ કરવામાં આવે અને પંચ રોજકામ કરવામાં આવે તો સરકારની ઘણી જમીનો મુક્ત થઈ શકે તેમ છે રસિક ચાવડા એ જાણવું હતું.

# રામચરિત માનસ એ પંચામૃત છે :મોરારીબાપુ

## રામકથાનો છઠ્ઠો દિવસ માતાજીના ગરબે ઘુમીને ભાવિકોએ ઉજવ્યો



મહુવા

અરબી સમુદ્રના તટે માં ભવાનીનું બેસણું અને ત્યાં માતાજીની ગુણગાથાનું અનુષ્ઠાન એટલે 'માનસઃ માતુ ભવાની' .પૂ. મોરારીબાપુએ શારદીય નવરાત્રીમાં માતાજીના અનુષ્ઠાનના આજે ચોથા નોરતે આબાલવૃદ્ધ સૌને ગરબાની મોજ કરાવીને રામકથાના છઠ્ઠાં દિવસનું સમાપન કર્યું.

પુ. મોરારીબાપુ હંમેશા કહેતાં રહ્યાં છે કે કથાગંગા જ્યાં લઈ જાય ત્યાં વક્તા જતાં હોય છે.આ અનુભૂતિનો સંચાર 'માનસ માતું ભવાની'માં જોવાં મળે છે. બાપુએ કથા પ્રવાહના અમીછાંટણા અસ્ખલિત વહેવડાવતા કહ્યું કે રામચરિત માનસ એ આપણાં પૂજન, અર્ચન માટેનું જાણે કે પંચામૃત છે,પંચ તત્વ છે. શિવ ચરિત્ર એ બીજુ અમૃત છે. સતી? અગ્નિ ખરેખર રામરૂપી અગ્નિમાં સમાઈ ગયાં છે રામ નામ એ સ્વયમ અગ્નિ છે.તેની પાછળ ચંદ્ર છે એટલે કે તે ચંદ્રવંશનું પણ અમૃત છે. આજે રૂખડનો જન્મદિવસ છે. રામચરિત માનસને આપણે શોપિંગ મોલ પણ કહીએ તો પણ ખોટું નથી.આમ તો ત્યાં પહોચો તો જે ચીજ ની જરૂર હોય તે તમને સરળતાથી ઉપલબ્ધ થાય છે. બાપુએ ભવાનીના ત્રણ રૂપો દર્શાવ્યાં હતાં. જેમાં કાળિકા, સરસ્વતી અને મહાલક્ષ્મી અને બધા જ રૂપો પોતપોતાનું ત્રિરૂપા એવું દાયિત્વ સંભાળે છે. મહાલક્ષ્મીના રૂપોને આપણે ત્રણ રીતે મૂકી શકીએ. ભોગ, દાન અને નાશ. જે પ્રકારની લક્ષ્મી છે તેમ તેની ઉપયોગીતા . માં લક્ષ્મીના ઉપયોગ આ બધી રીતે થાય છે. લક્ષ્મી ત્રણ પ્રકારે સ્થિત પણ છે. તેમાં આવે છે ચાપલ્ય, ઉદારતા અને પરમના શરણમાં સદા રહેવું.

બાપુએ આજે શિવ વિવાહનો પ્રસંગ આવતીકાલ પર મૂકીને આજે તેની પૂર્વ સંધ્યાએ ગરબા ઉત્સવ કરાવ્યો હતો. આખા એ સવા લાખ ચોરસ મીટરના પંડાલમાં સૌ ભાવિકોએ પોતપોતાની રીતે ગરબાની મોજ માણી હતી. આ ગરબાના ગાયનમાં આ.સુશ્રી જયશ્રી દીદી અને લક્ષ્મણભાઈ બારોટ પણ સંમેલિત થયાં હતા.

સતી પાર્વતીને સંશય થાય છે અને આ સંશયને તોડવા તેઓ જાતે ભગવાન રામ પાસે જવાં નીકળે છે.ત્યારે રામ, લક્ષ્મણ, જાનકી તેની પાછળ આવે છે.સતીનો બ્રહ્મત્વનો સંશય તૂટી જાય છે. આખરે જ્યારે મહાદેવ પાસે આવે છે તો થોડી લજ્જાનો અનુભવ થાય છે.ભગવાન રામ મહાદેવમાં સમાવિષ્ટ છે. પછીની કથાનુ ત્યાં સમાપન થાય છે.

બાપુએ રામચરિત માનસના માધ્યમથી સમગ્ર સમાજને સાથે જોડાઈ જવા વિશેષ અપીલ કરી હતી. સાથે સાથે રાસાયણિક અને ઝેરથી મુક્ત પ્રાકૃતિક ખેતીનો અનુરોધ કર્યો. બાપુએ એમ કહીને આપણાં રાજ્યપાલ મહામહિમ્ન આ.શ્રી દેવવ્રતજીને પણ યાદ કર્યાં હતાં.

# હિંમતનગરમાં ભગવાન શ્રી પરશુરામ પાર્ક તથા માર્ગના નામકરણ અને ભૂમિ પૂજન ભાજપ પ્રદેશ અધ્યક્ષ ના હસ્તે કરવામાં આવશે

હિંમતનગર,

ભગવાન શ્રી પરશુરામ ની પ્રતિમા ના ભૂમિ પૂજન ના આયોજન માટે સમસ્ત બ્રહ્મ સમાજ સાબરકાંઠા જિલ્લાની મિટિંગ સિનિયર સિટીઝન હોલમાં મળી. જેમાં હિંમતનગરના હાર્દ સમા વિસ્તાર ટાવર પાસેના બગીચામાં ભગવાન શ્રી પરશુરામની પ્રતિમાનું ભૂમિ પૂજન ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલના વરદ હસ્તે થનાર છે. તેમજ બગીચાનું નામ ભગવાન શ્રી પરશુરામ પાર્ક અને ટાવરથી છાપરીયા તરફ જતા રોડનું ભગવાન શ્રી પરશુરામ માર્ગ નું નામકરણ વિધિ તારીખ ૪ ઓક્ટોબર અને મંગળવારના રોજ કરવામાં આવશે. જેમાં સમગ્ર જિલ્લામાંથી વિશાળ સંખ્યામાં ભૂદેવો યુવાનો અને મહિલાઓ હાજર રહેશે. આ મિટિંગમાં રાજ્યકક્ષાના ઉપપ્રમુખ પ્રફુલભાઈ વ્યાસ, રાજ્યકક્ષાના સરકારી અમલીકરણ વિભાગના પ્રભારી અતુલભાઈ દીક્ષિત, જિલ્લા પ્રમુખ મનોજભાઈ રાવલ, શહેર પ્રમુખ મુકેશભાઈ જાની, રાજ્યકક્ષાના યુવા પ્રદેશ મહામંત્રી કૃણાલ દીક્ષિત, ભાજપા જીલ્લા મહામંત્રી વિજયભાઈ પંડ્યા,હિંમતનગર નાગરિક બેંકના ચેરમેન હિરેનભાઈ ગોર ,હિંમતનગર નગરપાલિકાના ઉપપ્રમુખ અમૃતભાઈ પુરોહિત, જિલ્લા યુવા પ્રમુખ હર્ષલ રાવલ તથા મોટી સંખ્યામાં કારોબારીના સભ્યો ભાઈઓ અને બહેનો હાજર રહ્યા હતા.

# વિરમગામ ખાતે શહીદવીર ભગતસિંહના જન્મજયંતિ નિમિત્તે કબડ્ડી અને રસ્સા ખેંચ રમત સ્પર્ધા યોજાઈ



વિરમગામ ,

વિરમગામ શહેરમાં કરોડો યુવાનોના પ્રેરણાસ્રોત એવા આપણા મહાન ક્રાંતિવીર ભગતસિંહની જન્મ જયંતી નિમિત્તે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ વિરમગામ નગર દ્વારા વીર ભગતસિંહ રમત સ્પર્ધાનું શેઠ એમ જે હાઇસ્કુલ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કબડ્ડીની ૮ ટીમ અને રસ્સા ખેંચની ૪ ટીમ સહિત કુલ ૧૦૦ થી વધુ રમતવીરોએ ભાગ લીધો હતો. કબડ્ડી અને રસ્સા ખેંચની ફાઇનલમાં વિજેતા બનેલ ટીમના તમામ સભ્યોને ક્રાંતિવીર ભગતસિંહનું



પુસ્તક ભેટ આપવામાં આવ્યું હતું. વીર ભગતસિંહ રમત સ્પર્ધામાં તમામ રમતવીરોએ અનુશાસન સાથે પોતાની શ્રેષ્ઠ રમતનું પ્રદર્શન કર્યું હતું.

આ કાર્યક્રમમાં રમતવીરોને રમતની સાથે જોડાયેલા સંસ્કાર અને આપણા મહાન ક્રાંતિવીરોના પ્રેરણાદાય જીવન પ્રસંગો વિશે માહિતી આપવામાં આવી હતી.

### વિરમગામ તાલુકા ના જુનાપાઘર ગામ મા નવરાત્રી મા નથી રમાતા ગરબા.....

# ૫૦૦ થી વધુ વર્ષોજુની પરંપરા મા પુરૂષો સ્ત્રીનો વેશ ઘારણ કરી ભજવે ભવાઈ અને નાટકો



વિરમગામ,

હાલ સમગ્ર ગુજરાત સહીત ભારતવર્ષ મા માં જગદંબા ની આરાઘનાનો પર્વ નવરાત્રી ચાલી રહી છે..ત્યારે નાની શેરી થી લઇને મોટા શહેરો ના મા ઠેર-ઠેર નવરાત્રી પર્વ મા ગરબાની રમઝટ ચાલી રહી છે...ત્યારે અમદાવાદ જિલ્લા ના વિરમગામ તાલુકા ના જુનાપાઘર ગામે નવરાત્રી ની ઉજવણી ગરબા રમી ને નથી કરાતી અહીં છેલ્લા ૫૦૦ થી વધુ વર્ષો થી ગામના યુવાનો દ્વારા તેમજ પુરૂષો સ્ત્રી નો વેશ ઘારણ કરી ને રામાયણ,મહાભારત,વીર માંગળાવાળો, હોથલપદમળી ,ભાદર ના કાંઠે.સહીતના વિવિઘ ઈતિહાસો ના પાત્ર ઘારણ કરી નાટકો તેમજ ભવાઇ ભજવવામા આવે છે....

વિરમગામ ના જુનાપાઘર ગામ મા વર્ષો જુનું તોતળ માતાજી નું મંદિર આવેલ છે..ગામલોકોની લોકવાયકા છે કે વડવાઓ વખતે જ્યારે આ ગામની બાંઘણી બંઘાણી (ગામની સ્થાપના) તે સમય થી આ માતાજી નું જુનું સ્થાનક છે....ત્યારે વર્ષો પહેલા એક વર્ષે નવરાત્રી મા ભવાઇની શરૂઆત કરેલી અને કોઇ કારણોસર બીજા વર્ષે ભવાઇ ન યોજાઇ ત્યારે તેજવર્ષે ગામમા મોટી આફત આવી હતી...ત્યારે જેતે વખતે ગામના વડવાઓએ નક્કી કર્યુ હતું ત્યારથીજ દર વર્ષે પરંપરાગત નવરાત્રી મા અહી તોતળ માતાજીની આરાઘના સાથે અહી ગામના યુવાનો દ્વારા વિવિઘ પાત્ર ઘારણ કરી નાટકો તેમજ ભવાઇ ભજવવામાઆવે છે...ગામના ૧૦૦૦ થી વઘુ યુવાનો વિવિઘ પાત્રો તેમજ પુરૂષો સ્ત્રી નો વેશ ઘારણ કરી ભવાઇ-નાટક રમે છે...તેમજ કોઇ ને માતાજી ની માનતા હોય તો તે પોતે ફારચી(નાળાછળી) પહેરી ને અહીં ભવાઇ-નાટક ભજવે છે..અને ગામના તોતળ માતાજી માનતા પુરી કરી પોતાની મનોકામના પુરી કરે છે..

# આહવાના મહિલા લાભાર્થીઓને પ્રધાનમંત્રી આવાસ યોજનાનુ આવાસ મળતા વ્યાપ્યો આનંદ

### આજે નવા આવાસમા ગૃહ પ્રવેશ કરશે



આહવાઃ તાઃ ૨૯:આજે એટ્લે કે તા.૩૦મી સપ્ટેમ્બરે દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીની અધ્યક્ષતામા શક્તિપીઠ અંબાજી ખાતે યોજાનારા 'પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ)' લોકાર્પણ/ખાતમુહૂર્તના રાજય કક્ષાના કાર્યકમની સાથે સાથે, ડાંગ જિલ્લાના પણ ૨૨ ગામોમા કુલ ૫૨ જેટલા આ યોજનાના આવાસોનુ લોકાર્પણ અને ખાતમુહૂર્ત થઈ રહ્યુ છે, ત્યારે આહવાના બે મહિલા લાભાર્થીઓએ તેમનો આનંદ વ્યક્ત કરતા, સરકારશ્રીનો આભાર માન્યો છે.

આહવાના મિશનપાડા સ્થિત લાભાર્થી શ્રીમતી વિજયાબેન સિમોનભાઈ વસાવા, તથા શ્રીમતી સરલાબેન સ્ટીવનભાઈ સેન્ડેએ, તેમને આ આવાસ મળતા તેઓ હવે તેમના પરિવાર સાથે નિરાંતે, જીવન વ્યતીત કરી શકશે તેમ જણાવ્યુ હતુ.

સરકાર પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરતા આ બુઝુર્ગ મહિલા લાભાર્થીઓએ આવાસ મળ્યા પહેલા તેઓ કાચા ઘરમા અનેક સમસ્યાઓ સાથે માંડ દિવસો પસાર કરતા હતા. ત્યારે સરકારી આવાસ મંજૂર થતા તેઓ હવે તેમની પાછલી જિંદગી પાકા મકાનમા સપરિવાર રાજીખુશીથી વિતાવી શકશે, તેમ સહર્ષ જણાવ્યુ હતુ. ઉલ્લેખનીય છે કે, ડાંગ જિલ્લામા છેલ્લા પાંચ વર્ષોમા કુલ ૩ હજાર ૮૬૬ લાભાર્થીઓને આ યોજનાનો લાભ આપવામા આવ્યો છે. જ્યારે આગામી દિવસોમા બીજા ૬ હજાર જેટલા લાભાર્થીઓને લાભન્વિત કરવાની કાર્યવાહી ચાલી રહી છે.

નરેન્દ્ર પવાર, ડાંગ

# રૂપાલના પ્રસિદ્ધ વરદાયીની મંદિરે બે વર્ષ બાદ પલ્લીના મેળાની તડામાર તૈયારીઓ શરૂ

ગાંધીનગર,તા.૨૯

ગાંધીનગર નજીક આવેલા અને માતાજીની આસ્થાના પ્રતિકસમા રૂપાલ વરદાયીની માતા મંદિરથી દર વર્ષે નવરાત્રીના નોમની રાત્રીએ પલ્લી નિકાળવામાં આવે છે.

એટલે કે તા.૪થી ઓક્ટોબરે મધરાત બાદ રૂપાલ ગામમાં પલ્લી કાઢવામાં આવશે. કોરોનાને કારણે ભક્તોની ગેરહાજરીમાં રૂપાલ ગામે વરદાયીની માતા મંદિરે પલ્લી નિકળતી હતી અને ગામમાં મેળો પણ ભરાતો હતો. ત્યારે આ વખતે બે વર્ષ બાદ રૂપાલ વરદાયીની માતાજી મંદિરમાં નવરાત્રીના નોમની રાત્રીએ વિશાળ પલ્લી મેળો ભરાશે અને આસ્થાની સાથે કોમી એકતાના પ્રતિકસમા રૂપાલનો આ પલ્લી મેળો આ વખતે તા.૪, ઓક્ટોબરના રોજ યોજાશે. ત્યારે નવરાત્રીના છેલ્લા એટલે કે, નોમની રાત્રે રૂપાલમાં પલ્લી નિકળવાની છે જેની તૈયારીઓ ઘણા વખત પહેલાથી જ શરુ થઇ ગઇ છે આ મંદિરનો વહિવટ સરકાર હસ્તક છે અને રૂપાલની પલ્લીમાં આઠ લાખ જેટલા ભક્તો આવતા હોવાને કારણે કલેક્ટરે આ બાબતની ગંભીરતાને ધ્યાનમાં રાખીને અગાઉથી જ વિવિધ વિભાગો અને મંદિરના ટ્રસ્ટી મંડળ સાથે બેઠકો શરૃ કરી દીધી છે. આ ગામમાં પલ્લીના અઠવાડિયા અગાઉથી આરોગ્ય કેન્દ્રમાં ઓપીડી શરુ કરી દેવા માટે તેમજ મંદિર તથા ગામમાં અપાતા પાણીમાં ક્લોરીનની માત્રા જળવાઈ રહે તે માટે સુચના આપવામાં આવી છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.